સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 32

[AUGUST - 2023]
[06/08/23 to 12/08/23]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)




JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.

# Timeline

**06** AUGSUT-2023


- દિવસ મહિમા : 06 ઓગસ્ટ, ઓગસ્ટ મહિમાનનો પ્રથમ રવિવાર, 'ફ્રેન્ડશિપ ડે' હિરોશિમા દિવસ (Hiroshima Day) ..... 02
- નવીનતા, એકીકરણ અને ટકાઉ શહેરી રોકાણ 2.0 ..... 02
- QUESTION ANSWERS ..... 05


**07** AUGSUT-2023


- દિવસ મહિમા : 7 ઓગસ્ટ, રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ (National Handloom Day) ..... 06
- વર્લ્ડ તીરંદાજી ચેમ્પિયનશિપ 2023 ..... 06
- GTUના પ્રથમ મહિલા કુલપતિ તરીકે સુશ્રી રાજુલ ગજ્જરની નિમણૂક ..... 07
- QUESTION ANSWERS ..... 08


**08** AUGSUT-2023


- દિવસ મહિમા : 08 ઓગસ્ટ, આંતરરાષ્ટ્રીય બિલાડી દિવસ (International Cat Day) ઓગસ્ટ ક્રાંતિ દિવસ અથવા હિન્દ છોડો, આંદોલનની વર્ષગાંઠ (Quit India Movement) ..... 09
- આદિચનાલ્લુર મ્યુઝિયમનો શિલાન્યાસ ..... 10
- ભારતે લેપટોપ, કમ્પ્યૂટર અને સંબંધિત સાધનોની આયાત પર પ્રતિબંધ મૂક્યો ..... 11
- દેવિકા નદી કાયાકલ્પ પ્રોજેક્ટ ..... 13
- QUESTION ANSWERS ..... 14


**09** AUGSUT-2023


- દિવસ મહિમા : 09 ઓગસ્ટ, વિશ્વ આદિવાસી દિવસ (World Tribal Day), નાગાસાકી દિવસ (Nagasaki Day) ..... 15
- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાપી જિલ્લામાંથી 'મેરી માટી, મેરા દેશ' અભિયાનની શરૂઆત કરી ..... 16
- અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ 508 રેલવે સ્ટેશનનો પુનઃવિકાસ ..... 17
- આફ્રિકન દેશ નાઈઝરમાં બળવો ..... 19
- QUESTION ANSWERS ..... 20


**10** AUGSUT-2023


- દિવસ મહિમા : 10 ઓગસ્ટ, વિશ્વ જૈવ ઇંધણ દિવસ, વિશ્વ સિંહ દિવસ ..... 21
- CBI એકેડેમી ઈન્ટરપોલ ગ્લોબલ એકેડેમી નેટવર્કમાં જોડાઈ ..... 22
- 74મો વનમહોત્સવ : પાવાગઢ નજીક જેપુરા ખાતે 'વન કવચ' અર્પણ ..... 23
- Conjuctivitis : ગુજરાતમાં આંખ આવવાના કેસોમાં સતત વધારો ..... 27
- QUESTION ANSWERS ..... 28


**11** AUGSUT-2023


- એમેઝોન કોઓપરેશન ટ્રીટી ઓર્ગેનાઈઝેશન દ્વારા આયોજિત એમેઝોન સમિટ ..... 29
- અવકાશયાત્રા માટે પરમાણુ રોકેટ (Nuclear Rocket for Space Travel) ..... 30
- QUESTION ANSWERS ..... 32


**12** AUGSUT-2023


- દિવસ મહિમા : 12 ઓગસ્ટ, વિશ્વ હાથી દિવસ, આંતરરાષ્ટ્રીય યુવા દિવસ ..... 33
- ઉના તાલુકાના નાળિયા માંડવી ખાતે નવો સફારી પાર્ક બનશે ..... 33
- દ્વિપક્ષીય કવાયત ઝાયદ તલવાર : ભારત-UAE ..... 34
- QUESTION ANSWERS ..... 35

ONE LINER ..... 35

QUESTION OF THIS WEEK ..... 40


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 06 ઓગસ્ટ, (1) ઓગસ્ટ મહિનાનો પ્રથમ રવિવાર, 'ફ્રેન્ડશિપ ડે'
## (2) હિરોશિમા દિવસ (Hiroshima Day)

### હિરોશિમા દિવસ




જાપાન સહિત વિશ્વના અનેક દેશોમાં દર વર્ષે 6 ઓગસ્ટના રોજ હિરોશિમા દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- બીજા વિશ્વયુદ્ધ દરમિયાન 6 ઓગસ્ટ, 1945ના રોજ જાપાનના હિરોશિમા નામના શહેર પર અમેરિકાએ અણુ બોમ્બથી હુમલો કર્યો હતો.
- જેમાં હુમલાની માત્ર 1 મિનિટમાં હિરોશિમાનો 80 ટકા હિસ્સો બળીને ખાખ થઈ ગયો હતો.
- આથી, આ ઘટનાની યાદમાં દર વર્ષે 6 ઓગસ્ટના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ અંતર્ગત વર્ષ 2023માં જાપાન દ્વારા આ ઘટનાની 78મી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી રહી છે.

નોંધ : (1) હિરોશિમા થયેલા અણુ હુમલાના 3 દિવસ બાદ 9 ઓગસ્ટ, 1945ના રોજ અમેરિકાએ જાપાનના નાગાસિકી નામના બીજા શહેર પર અણુબોમ્બથી હુમલો કર્યો હતો.
(2) અણુબોમ્બને હિન્દીમાં પરમાણુ બોમ્બ તરીકે ઓળખવામાં આવે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નવીનતા, એકીકરણ અને ટકાઉ શહેરી રોકાણ 2.0




તાજેતરમાં સરકારે 'નવીનતા, એકીકરણ અને ટકાઉ શહેરી રોકાણ 2.0' (Inovation, Integration and Sustainable Urban Investment 2.0-CITIIS 2.0)ને મંજૂરી આપી છે.

### CITIIS 2.0

તે સ્માર્ટ સિટીઝ મિશનનો એક ભાગ છે અને તેનો ઉદ્દેશ સંકલિત કચરાના વ્યવસ્થાપન અને આબોહવાલક્ષી સુધાર ક્રિયાઓને પ્રોત્સાહન આપવાનો છે.

- CITIIS નીચેના ચાર વિષયોમાં સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સ પર વિચાર કરશે :

(1) ટકાઉ ગતિશીલતા

(2) જાહેર ખુલ્લી જગ્યાઓ

(3) અર્બન ઈ–ગવર્નન્સ અને ICT

(4) ઓછી આવક ધરાવતી વસાહતો માટે સામાજિક અને સંસ્થાકીય નવીનતા

- આ કાર્યક્રમ ચાર વર્ષ એટલે કે 2023 થી 2027 સુધી ચાલશે.

## ઉદ્દેશ્ય

આ કાર્યક્રમ શહેર સ્તરે સંકલિત કચરાના વ્યવસ્થાપન, રાજ્યસ્તરે આબોહવા–લક્ષી સુધારાની ક્રિયાઓ અને રાષ્ટ્રીય સ્તરે સંસ્થાકીય મજબૂતીકરણ અને જ્ઞાનના પ્રસાર પર ધ્યાન કેન્દ્રિત કરીને પરિપત્ર અર્થતંત્રને પ્રોત્સાહન આપતા સ્પર્ધાત્મક રીતે પસંદ કરાયેલા પ્રોજેક્ટ્સને સમર્થન આપવાની પરિકલ્પના કરે છે.

- CITIIS 2.0નો ઉદ્દેશ્ય CITIIS 1.0ની શીખો અને સફળતાઓના લાભ લેવા અને તેને વધારવાનો છે.

## ભંડોળ

- CITIIS 2.0ને AFD અને KFW બેંકની લોન અને EU તરફથી તકનીકી સહાય અનુદાન દ્વારા ધિરાણ આપવામાં આવશે.

## ઘટકો

- CITIIS 2.0 માં મુખ્ય ત્રણ ઘટકો છે :

(1) સંકલિત કચરા વ્યવસ્થાપન પર ધ્યાન કેન્દ્રિત કરીને ચક્રીય અર્થવ્યવસ્થાને પ્રોત્સાહન આપતા પ્રોજેક્ટ્સ માટે 18 જેટલા સ્માર્ટ શહેરોને નાણાકીય અને તકનીકી સહાય પૂરી પાડવી.

(2) આબોહવાની ક્રિયા માટે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સમર્થન આપવું.

(3) તમામ શહેરો અને નગરોમાં સ્કેલ–અપને સમર્થન આપવા માટે રાષ્ટ્રીય સ્તરના હસ્તક્ષેપ કરવા.

## મહત્ત્વ

- CITIIS 2.0 ભારત સરકારની આબોહવા ક્રિયાઓને તેના પોતાના રાષ્ટ્રીય કાર્યક્રમો (નેશનલ મિશન ઓન સસ્ટેનેબલ હાઉસિંગ, AMRUT 2.0, સ્વચ્છ ભારત મિશન 2.0 અને સ્માર્ટ સિટીઝ મિશન) તેમજ ભારતના રાષ્ટ્રીય સ્તરે નિર્ધારિત સ્વૈચ્છિક યોગદાન (NOV) અને કોન્ફરન્સ ઓફ ધ પાર્ટીઝ (COP26) પ્રતિબદ્ધતામાં સકારાત્મક યોગદાન આપશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## CITIIS 1.0 શું છે ?

**CITIIS 1.0 સંયુક્ત રીતે 2018માં લોન્ચ કરવામાં આવ્યું હતું. તેમાં ત્રણ ઘટકોનો સમાવેશ થાય છે :**

- **ઘટક-1 :** 12 શહેર–સ્તરના પ્રોજેક્ટ સ્પર્ધાત્મક પ્રક્રિયા દ્વારા પસંદ કરવામાં આવ્યા છે.
- **ઘટક-2 :** ઓડિશા રાજ્યમાં ક્ષમતા–વિકાસ પ્રવૃત્તિઓ
- **ઘટક-3 :** નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ અર્બન અફેર્સ (NIVA) દ્વારા હાથ ધરવામાં આવેલી પ્રવૃત્તિઓ દ્વારા રાષ્ટ્રીય સ્તરે સંકલિત શહેરી વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવું, જે CITIIS 1.0 માટે પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ (PMU) હતું.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ:** (1) સરકારે આર્થિક વૃદ્ધિને વેગ આપવા અને સ્થાનિક વિકાસ અને ટેકનોલોજીના ઉપયોગ દ્વારા નાગરિકોને લાભ થાય તેવા સ્માર્ટ પરિણામો પ્રાપ્ત કરવા માટે લોકોના જીવનની ગુણવત્તામાં વધારો કરવાના ઉદ્દેશ્ય સાથે 'સ્માર્ટ સિટીઝ મિશન' (SCM)ની શરૂઆત કરવામાં આવી હતી.

(2) વર્ષ 2015માં સ્માર્ટ સિટીઝ મિશન (SCM) લોન્ચ કરવામાં આવ્યું છે.



1. ભારતમાં 'ફ્રેન્ડશિપ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 3 ઓગસ્ટ (B) ઓગસ્ટ મહિનાનો પ્રથમ રવિવાર

(C) 5 ઓગસ્ટ (D) ઓગસ્ટ મહિનાનો બીજો રવિવાર **(B)**

---

2. 'હિરોશિમા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 5 ઓગસ્ટ (B) 6 ઓગસ્ટ (C) 7 ઓગસ્ટ (D) 8 ઓગસ્ટ **(B)**

---

3. તાજેતરમાં સરકારે 'નવીનતા, એકીકરણ અને ટકાઉ શહેરી રોકાણ 2.0' (Inovation, Integration and Sustainable Urban Investment 2.0 - CITIIS 2.0)ને મંજૂરી આપી છે. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે સ્માર્ટ સિટીઝ મિશનનો એક ભાગ છે અને તેનો ઉદ્દેશ સંકલિત કચરાના વ્યવસ્થાપન અને આબોહવાલક્ષી સુધાર ક્રિયાઓને પ્રોત્સાહન આપવાનો છે.
2. આ કાર્યક્રમ ચાર વર્ષ એટલે કે 2023 થી 2027 સુધી ચાલશે.
3. તેને World Bank અને Asian Development Bank દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1 અને 2

(C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3 **(B)**

---

4 કયા વર્ષે સ્માર્ટ સિટીઝ મિશન (SCM) લોન્ચ કરવામાં આવ્યું હતું ?

(A) 2012 (B) 2013

(C) 2014 (D) 2015 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 7 ઓગસ્ટ, રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ (National Handloom Day)




દર વર્ષે 7 ઓગસ્ટના રોજ સમગ્ર ભારતમાં 'રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- રાષ્ટ્રીય હેન્ડલૂમ ડેની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ હેન્ડલૂમને પ્રોત્સાહિત કરવાનો અને આ ક્ષેત્ર સાથે સંકળાયેલા સમુદાયના પ્રયત્નો તેમજ કૌશલ્યોને ઓળખવાનો છે.
- 7 ઓગસ્ટ, 2015ના રોજ પ્રથમ વખત આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- બ્રિટિશ સરકાર દ્વારા બંગાળના વિભાજનના વિરોધમાં કલકતા ટાઉન હોલમાં 1905માં શરૂ કરાયેલ સ્વદેશી ચળવળની યાદમાં 7 ઓગસ્ટની તારીખ પસંદ કરવામાં આવી હતી.
- આ ચળવળનો ઉદ્દેશ્ય સ્થાનિક ઉત્પાદનો અને ઉત્પાદન પ્રક્રિયાઓને પુનર્જીવિત કરવાનો હતો.
- વર્ષ 2023ના રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસની થીમ **'Handlooms for Sustainable Fashion'** છે.

**નોંધ :** પ્રથમ રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસનું ઉદ્ઘાટન 7 ઓગસ્ટ, 2015ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા તમિલનાડુના ચેન્નાઈમાં મદ્રાસ યુનિવર્સિટીના સેનેટરી હોલમાં કરવામાં આવ્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વર્લ્ડ તીરંદાજી ચેમ્પિયનશિપ 2023

વર્લ્ડ તીરંદાજી ચેમ્પિયનશિપ 2023 (World Archery Championships)નું 31 જુલાઈથી 6 ઓગસ્ટ દરમિયાન જર્મનીના બર્લિન ખાતે આયોજન થયું હતું.



- જેમાં ભારતના સુશ્રી અદિતિ ગોપીચંદ સ્વામી અને ઓજસ પ્રવિણ દેવતાલે વર્લ્ડ તીરંદાજી ચેમ્પિયનશિપ 2023માં અનુક્રમે મહિલા અને પુરુષોની વ્યક્તિગત કમ્પાઉન્ડ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યા હતા.
- ભારતે આ ચેમ્પિયનશિપમાં 3 ગોલ્ડ અને 1 બ્રોન્ઝ સાથે ચાર મેડલ જીત્યા હતા.
- સુશ્રી જ્યોતિ સુરેખા વેન્નમ, સુશ્રી પરનીત કૌર અને અદિતિ ગોપીચંદ સ્વામીએ મહિલા કમ્પાઉન્ડ ટીમ ઈવેન્ટ જીતવા માટે જોડી બનાવી હતી અને તીરંદાજી વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભારતનો પ્રથમ ગોલ્ડ જીત્યો હતો.
- સુશ્રી અદિતિ ગોપીચંદ સ્વામી 17 વર્ષની વયે વિશ્વ તીરંદાજી ચેમ્પિયનશિપમાં વ્યક્તિગત કમ્પાઉન્ડ સુવર્ણચંદ્રક જીતનાર સૌથી યુવા વરિષ્ઠ વિશ્વ ચેમ્પિયન અને પ્રથમ ભારતીય બન્યા છે.

**નોંધ:** (1) વિશ્વ તીરંદાજી એ <u>તીરંદાજીની ઓલિમ્પિક અને પેરાલિમ્પિક રમતનું</u> આંતરરાષ્ટ્રીય મહાસંઘ છે.

(2) સંસ્થાની સ્થાપના <u>વર્ષ 1931માં</u> કરવામાં આવી હતી અને તેની જવાબદારી વિશ્વભરમાં તીરંદાજીનું નિયમન અને પ્રચાર કરવાનું છે.

(3) વિશ્વ તીરંદાજી મહાસંઘનું કાર્યાલય <u>સ્વિત્ઝર્લેન્ડની ઓલિમ્પિક રાજધાની લૌઝેનમાં</u> સ્થિત છે.

## GTUના પ્રથમ મહિલા કુલપતિ તરીકે સુશ્રી રાજુલ ગજ્જરની નિમણૂક



તાજેતરમાં <u>ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી (GTU)</u>ના <u>પ્રથમ મહિલા કુલપતિ</u> તરીકે <u>ડો. રાજુલ ગજ્જર</u>ની નિમણૂક કરવામાં આવી છે.

- નોંધનીય છે કે આ અગાઉ ગુજરાત યુનિવર્સિટીના પ્રથમ મહિલા કુલપતિ તરીકે ડો. નિરજા ગુપ્તાની નિમણૂક કરવામાં આવી હતી.
- ડો. રાજુલ ગજ્જર <u>એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજના પ્રિન્સિપલ</u> છે તેમજ <u>વિશ્વકર્મા એન્જિનિયરિંગ કોલેજના પ્રિન્સિપલ</u> રહી ચૂક્યા છે.
- અગાઉ <u>2016</u>માં GTUના <u>ઈન્ચાર્જ કુલપતિ</u> રહી ચૂક્યા છે.
- તેમણે એલ. ડી. એન્જિનિયરિંગમાં અભ્યાસ પૂર્ણ કર્યા બાદ એ જ કોલેજમાં લેકચરર તરીકે જોડાયા હતા.
- તેમણે 66 થી વધુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંશોધન પેપર્સનું પ્રકાશન કર્યુ છે. તથા તેમણે 4 પુસ્તકો લખ્યા છે અને 3 પેટન્ટ પ્રકાશિત કર્યા છે.

**નોંધ:** (1) યુનિવર્સિટીના ચાન્સેલર (કુલપતિ) હોદ્દાની રૂએ <u>રાજ્યપાલ</u> હોય છે.

(2) આથી, ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટીના ચાન્સેલર (કુલપતિ) ગુજરાતના રાજ્યપાલ છે. જ્યારે વાઈસ ચાન્સેલર સુશ્રી રાજુલ ગજ્જર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS





**1.** કયા દિવસે 'રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 6 ઓગસ્ટ (B) 7 ઓગસ્ટ (C) 8 ઓગસ્ટ (D) 9 ઓગસ્ટ

**(B)**

**2.** 'રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. બ્રિટિશ સરકાર દ્વારા બંગાળના વિભાજનના વિરોધમાં કલકતા ટાઉન હોલમાં 1905માં શરૂ કરાયેલ સ્વદેશી ચળવળની યાદમાં 7 ઓગસ્ટની તારીખ પસંદ કરવામાં આવી હતી.
2. 7 ઓગસ્ટ, 2015ના રોજ પ્રથમ વખત આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા

**(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**3.** તાજેતરમાં સમાચારમાં રહેલ સુશ્રી અદિતિ ગોપીચંદ સ્વામી કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) તીરંદાજી (B) શૂટિંગ (C) જેવેલિન થ્રો (D) સ્વીમિંગ

**(A)**

**4.** તાજેતરમાં સમાચારમાં રહેલ સુશ્રી જ્યોતિ સુરેખા વેન્નમ કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) તીરંદાજી (B) શૂટિંગ (C) જેવેલિન થ્રો (D) સ્વીમિંગ

**(A)**

**5.** તાજેતરમાં ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટીના કુલપતિ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) ડો. નિરજા ગુપ્તા (B) ડો. નિમાબેન પંડયા

(C) ડો. ઉર્મિલા મહેતા (D) ડો. રાજુલ ગજ્જર

**(D)**

## દિવસ મહિમા : 08 ઓગસ્ટ, (1) આંતરરાષ્ટ્રીય બિલાડી દિવસ (International Cat Day)
## (2) ઓગસ્ટ ક્રાંતિ દિવસ અથવા હિન્દ છોડો આંદોલનની વર્ષગાંઠ (Quit India Movement)

### ઓગસ્ટ ક્રાંતિ દિવસ




8 ઓગસ્ટ ભારતમાં દર વર્ષે 'ઓગસ્ટ ક્રાંતિ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- આ દિવસ નિમિત્તે અંગ્રેજોના શાસન સામે આઝાદીની લડતમાં પોતાનું બલીદાન આપનારા ક્રાંતિકારીઓને શ્રદ્ધાંજલી આપવામાં આવે છે. તેમજ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ આપેલા ઉપદેશોને યાદ કરવામાં આવે છે.

### 8 ઓગસ્ટ જ શા માટે ?

દર વર્ષે 8 ઓગસ્ટને ભારતીય ઈતિહાસમાં આઝાદીના છેલ્લા યુધ્ધની શરૂઆત તરીકે યાદ કરવામાં આવે છે.

- 8 ઓગસ્ટ, 1942ના દિવસે ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ 'હિન્દ છોડો આંદોલન'નો પાયો નાખ્યો હતો.
- આથી, આઝાદી બાદ 8 ઓગસ્ટને 'ઓગસ્ટ ક્રાંતિ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

### હિન્દ છોડો આંદોલન

8 ઓગસ્ટ, 1942ના રોજ મુંબઈના ગ્વાલિયા ટેન્ક મેદાનમાં યોજાયેલ કોંગ્રેસના વાર્ષિક અધિવેશનમાં મહાત્મા ગાંધીજીએ 'હિન્દ છોડો આદોલન'ની ઘોષણા કરી હતી.

- ગાંધીજીએ ગ્વાલિયા ટેન્કના મેદાનમાં તેમના પ્રવચનમાં 'કરેંગે યા મરેંગે' (Do or Die)નું સુત્ર આપ્યું હતું.
- હિન્દ છોડો આંદોલનની શરૂઆતમાં 9 ઓગસ્ટ, 1942ના રોજ અંગ્રેજોએ મહાત્મા ગાંધીજીની ધરપકડ કરી હતી. તથા સુશ્રી સરોજીની નાયડુ સહિતના લોકોને આગાખાન પેલેસમાં નજરકેદ કરવામાં આવ્યા હતા તેમજ અન્ય નેતાઓની 'ઓપરેશન ઝીરો અવર' અંતર્ગત ધરપકડ કરવામાં આવી હતી.
- આ સમયે શ્રી જયપ્રકાશ નારાયણ છૂપી રીતે આંદોલનનું સંચાલન કરતા હતા તેમણે નેપાળમાં આઝાદ રેડિયોનું ગઠન કર્યુ હતું.
- સમગ્ર ભારતમાંથી લોકનેતાઓની ધરપકડ થતા આ આંદોલન સ્વયંભૂ બન્યું હતું.
- દેશમાં સરઘસો, સભાઓ, હડતાલો વગેરે સામાન્ય બનાવો બન્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- <u>9 ઓગસ્ટ, 1942</u>ના રોજ ગુજરાત કોલેજના 18 વર્ષીય વિદ્યાર્થી <u>શ્રી વિનોદ કિનારીવાલા</u> કોલેજમાં ભારતીય રાષ્ટ્રધ્વજ ફરકાવવા જતાં હિન્દ છોડો આંદોલનના પ્રથમ શહિદ બન્યા હતા. તેમની ગુજરાત કોલેજમાં રહેલી પ્રતિમાનું અનાવરણ <u>શ્રી જયપ્રકાશ નારાયણે</u> કર્યુ હતું.
- અમદાવાદ, મુંબઈ, જમશેદપુરના મીલ મજૂરોએ હડતાલ પાડી હતી. જેમાં અમદાવાદની મિલોમાં <u>105 દિવસ</u>ની હડતાલો પડી હતી.
- હિન્દ છોડો આંદોલનમાં સૌપ્રથમ વખત રાષ્ટ્રધ્વજ ફરકાવનાર <u>'અરૂણા અસફઅલી'</u> હતા.
- હિન્દ છોડો આંદોલને અંગ્રેજ સરકારને પ્રતીત કરાવી દીધું કે ભારતમાં લાંબો સમય શાસન કરી શકાય નહિ.

નોંધ : (1) વર્ષ 1942માં કોંગ્રેસની <u>વર્ધા બેઠક</u>માં હિન્દ છોડો આંદોલનનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો.

(2) સુશ્રી અરૂણા અસફ અલીને <u>'ગ્રાન્ડ ઓલ્ડ લેડી'</u> તરીકે ઓળખવામાં આવે છે.

(3) 'હિન્દ છોડો' અથવા 'ભારત છોડો' સૂત્ર <u>શ્રી યુસુફ મહેરલી</u> દ્વારા રચવામાં આવ્યું હતું. તથા <u>'સાયમન ગો બેક'</u>નું સુત્ર પણ તેમણે જ આપ્યું હતું.

(4) ગ્વાલિયા ટેન્ક મેદાનને હાલમાં <u>'ઓગસ્ટ ક્રાંતિ'</u> મેદાન તરીકે પણ ઓળખવામાં આવે છે.

## આદિચનાલ્લુર મ્યુઝિયમનો શિલાન્યાસ



<u>તમિલનાડુ</u>ના <u>થૂથુકુડી જિલ્લા</u>માં એક મહત્વપૂર્ણ પ્રસંગે કેન્દ્રીય નાણામંત્રી <u>શ્રીમતી નિર્મલા સીતારામન</u> દ્વારા <u>'આદિચનાલ્લુર મ્યુઝિયમ' (Adichanallur Museum)</u>નો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.

- આદિચનાલ્લુર મ્યુઝિયમનો પ્રાથમિક ઉદ્દેશ થામીરાબારાની ખીણમાં પુરાતત્વીય સ્થળોનું મહત્ત્વ સ્થાપિત કરવાનો છે.
- <u>કેન્દ્રીય બજેટ 2020-21</u>માં આદિચનાલ્લુરને <u>'પ્રતિષ્ઠિત સ્થળો'</u> તરીકે વિકાસ માટે પાંચ પુરાતત્વીય સ્થળો પૈકી એક તરીકે જાહેર કરવામાં આવ્યું હતું.
- <u>ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI)</u>એ આ સ્થળ પર એક અનોખી પહેલ શરૂ કરી છે, તેઓએ ખોદવામાં આવેલી ખાઈને કડક કાચથી ઢાંકી દીધી છે.
- તે મુલાકાતીઓને <u>3800 વર્ષ જૂની પ્રાચીન વસ્તુઓ</u> અને કલશ દફનવિધિને સીટુમા જોવાની મંજૂરી આપે છે, જે ભારતમાં આ પ્રકારની પ્રથમ ઘટના છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ખુલી કલાકૃતિઓ પ્રાચીન રહેવાસીઓના જીવન અને વ્યવહારની ઝલક આપે છે, તથા ભૂતકાળ વિશે મૂલ્યવાન માહિતી પ્રદાન કરે છે.

નોંધ : (1) કેન્દ્ર સરકારના 2020-21ના બજેટ દરમિયાન ઓળખાયેલી 'પ્રતિષ્ઠિત સાઈટ્સ'માં આદિચનાલ્લુર ઉપરાંત હરિયાણામાં રાખીગઢી, ઉત્તરપ્રદેશમાં હસ્તિનાપુર, આસામમાં શિવસાગર અને ગુજરાતમાં ધોળાવીરાનો સમાવેશ થાય છે.

(2) તમિલનાડુના થૂથુકુડી જિલ્લામાં આ પુરાતત્વીય કલશ – દફન સ્થળને સૌપ્રથમ જર્મન પ્રકૃતિ શાસ્ત્રી ડો. જાગોર અને ત્યારબાદ એક અંગ્રેજ પુરાતત્વવિદ્ એલેક્ઝેન્ડર રેએ 1876 અને 1905ની વચ્ચે ખોદકામ કરાવ્યું હતું.

(3) વર્ષ 1902-03 માટે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણના વાર્ષિક અહેવાલમાં એલેક્ઝાન્ડર રેએ આ સ્થળને દક્ષિણ ભારતમાં શોધાયેલ સૌથી વ્યાપક પ્રાગૈતિહાસિક સ્થળ તરીકે વર્ણવ્યું હતું.

## ભારતે લેપટોપ, કમ્પ્યૂટર અને સંબંધિત સાધનોની આયાત પર પ્રતિબંધ મૂક્યો



તાજેતરમાં ભારતના ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (DGFT)એ જાહેરાત કરી છે કે તે 1 નવેમ્બર, 2023થી હાર્મોનાઈઝ્ડ સિસ્ટમ ઓફ નોમેનક્લેચર (HSN) કોડ 8471 હેઠળ વસ્તુઓ પર ધ્યાન કેન્દ્રીત કરીને લેપટોપ, કમ્પ્યૂટર અને ઘટકોની આયાત પર પ્રતિબંધ મૂકશે.

- આ પ્રતિબંધ સામાન નિયમો હેઠળ આયાત પર લાગુ થશે નહીં.
- નોંધનીય છે કે ડેટા પ્રોસેસિંગ મશીનોને HSN કોડ 8471 હેઠળ વર્ગીકૃત કરવામાં આવે છે.
- આ પગલાંનો ઉદ્દેશ્ય સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાનો છે.

### પ્રતિબંધ લાદવાના કારણો

ઈલેક્ટ્રોનિક ઘટકો પર આયાત પ્રતિબંધો લાદવાના કારણો નીચે મુજબ છે :

- આ પ્રતિબંધોનો ઉદ્દેશ્ય સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવા, વિદેશી આયાત પરની નિર્ભરતા ઘટાડવા, ખાસ કરીને ચીનથી થતી આયાત અને ભારતના ટેક્નોલોજી ક્ષેત્રમાં આત્મનિર્ભરતા વધારવાનો છે.
- આ આઈટી હાર્ડવેર માટે એડવાન્સ પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ (PLI) સ્કીમ દ્વારા સ્થાનિક ઉત્પાદનને મજબૂત કરવાના સરકારના પ્રયાસોને અનુરૂપ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- પ્રતિબંધોનો હેતુ સંભવિત સુરક્ષા નબળાઈઓ સાથે ઈલેક્ટ્રોનિક હાર્ડવેરના પ્રવેશને રોકવાનો છે જે સંવેદનશીલ વ્યક્તિગત અને એન્ટરપ્રાઈઝ ડેટા સાથે ચેડા કરી શકે છે.
- આયાતને પ્રતિબંધ કરીને સરકારનો હેતુ સ્વદેશી ઉત્પાદકો માટે તેમના વૈશ્વિક પદચિહ્નને વિસ્તારવા માટે અનુકૂળ વાતાવરણ પ્રદાન કરવાનો છે.

## બજાર અને ગ્રાહકો પર પ્રતિબંધની અસર

લેપટોપ અને સંબંધિત સાધનો પર આયાત પ્રતિબંધો સપ્લાય ચેઈન વિક્ષેપનું કારણ બની શકે છે, જે બજારમાં ચોક્કસ લેપટોપ મોડલ્સની ઉપલબ્ધતાને અસર કરી શકે છે.

- પોલિસી ટૂંકા ગાળામાં પુરવઠાની તંગી સર્જે તેવી શકયતા છે, કારણ કે આયાતકારોએ લાયસન્સ માટે અરજી કરવી પડશે અને મંજૂરીની રાહ જોવી પડશે.
- જેના પરિણામે બજારોમાં લેપટોપ, ટેબ્લેટ, પર્સનલ કમ્પ્યૂટર અને સર્વરની ઉપલબ્ધતામાં ઘટાડો તેમજ કિંમતોમાં વધારો થઈ શકે છે.
- સ્થાનિક ઉત્પાદનોને આ પ્રતિબંધોથી ફાયદો થઈ શકે છે, કારણ કે જ્યારે આયાત મર્યાદિત હોય ત્યારે ગ્રાહકો સ્થાનિક રીતે ઉત્પાદિત લેપટોપ તરફ શિફ્ટ થઈ શકે છે.
- પ્રતિબંધ ઘરેલું લેપટોપ ઉત્પાદન ક્ષમતાના વિકાસને પ્રોત્સાહન કરી શકે છે, જેના પરિણામે વધુ અદ્યતન અને સ્પર્ધાત્મક ઉત્પાદનો બનશે.
- આ નીતિ લેપટોપ માર્કેટમાં ડેલ, એચપી, લેનેવો, એસર, આસુસ અને એપલ જેવા હાલના સ્પર્ધકોને પણ અસર કરશે, જેઓ ચીન, વિયેતનામ, તાઈવાન અને અન્ય દેશોમાંથી તેમના મોટાભાગના ઉત્પાદનોની આયાત કરે છે.
- તેઓએ કાં તો તેમનું ઉત્પાદન ભારતમાં કરવું પડશે અથવા તેમના ગુણવત્તાના ધોરણોને પૂર્ણ કરતા સ્થાનિક ઉત્પાદનો પાસેથી ઉત્પાદન મેળવવું પડશે.
- આ નીતિ પ્રવેશકારો અને સ્થાનિક ઉત્પાદનો માટે તકો પણ પૂરી પાડશે. જેઓ PLI યોજનાનો લાભ લઈ શકે છે.

નોંધ : (1) HSN એ એક એવી સિસ્ટમ છે જે આંતરરાષ્ટ્રીય સ્તરે વેપાર થતી દરેક પ્રોડક્ટને એક અનન્ય કોડ સોંપે છે.

(2) HSN કોડ વર્લ્ડ કસ્ટમ્સ ઓર્ગેનાઈઝેશન (WCO) દ્વારા વર્ષ 1988માં વિકસાવવામાં આવ્યો હતો અને દર પાંચ વર્ષે તેને અપડેટ કરવામાં આવે છે.

(3) DGFT એ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળની એક સરકારી સંસ્થા છે જે દેશની વિદેશી વેપાર નીતિનો અમલ કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દેવિકા નદી કાયાકલ્પ પ્રોજેક્ટ



તાજેતરમાં કેન્દ્રીય વિજ્ઞાન અને ટેક્નોલોજી રાજ્યમંત્રી ડો. જીતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે ઉત્તર ભારતનો પ્રથમ નદી કાયાકલ્પ પ્રોજેક્ટ દેવિકા પૂર્ણતાના આરે છે.

- નમામી ગંગાની તર્જ પર રૂ. 190 કરોડથી વધુના ખર્ચે બનેલ આ પ્રોજેક્ટ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 2019માં તેમની જમ્મુ મુલાકાત દરમિયાન લોન્ચ કર્યો હતો.
- નમામી ગંગા કાર્યક્રમથી પ્રેરિત આ પહેલનો હેતુ પવિત્ર દેવિકા નદીની સ્વચ્છતા અને આરોગ્યની રક્ષા કરવાનો છે.

### દેવિકા નદી કાયાકલ્પ પ્રોજેક્ટ

આ પ્રોજેક્ટની કિંમત 190 કરોડ છે. આ ફાળવણી કેન્દ્ર સરકાર અને જમ્મુ–કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશ વચ્ચે 90:10ના ગુણોત્તરમાં વહેંચવામાં આવી છે.

- નેશનલ રિવર કન્ઝર્વેશન પ્લાન (NRCP)ના ભાગરૂપે માર્ચ 2019માં પ્રોજેક્ટ પર કામ શરૂ કર્યુ હતું.
- આ પ્રોજેક્ટ અંતર્ગત દેવિકા નદીના કિનારે સ્નાનના ઘાટ વિકસિત કરવા, અતિક્રમણ દૂર કરવું, પ્રાકૃતિક જળાશયોને પુનઃસ્થાપિત કરવા તથા સ્મશાન ગૃહ તેમજ કેચમેન્ટ વિસ્તારોના વિકાસનો સમાવેશ થાય છે.
- આ પ્રોજેક્ટ લિક્વિડ વેસ્ટ મેનેજમેન્ટ પર ધ્યાન કેન્દ્રીત કરે છે. તથા ઘરોને જોડતા પાઈપો અને મેનહોલ્સનું નેટવર્ક સ્થાપિત કરે છે.
- તેનો પ્રાથમિક ધ્યેય પ્રવાહી કચરાનો કાર્યક્ષમ નિકાલ, પ્રદૂષણ અટકાવવા અને નદીની પવિત્રતા જાળવવાનું છે.
- પ્રવાહી કચરા ઉપરાંત આ પ્રોજેક્ટ ઘન કચરા વ્યવસ્થાપના નિર્ણાયક પાસાને પણ સમાવિષ્ટ કરે છે.
- પર્યાવરણના બગાડને અટકાવવા અને નદી તથા તેની આસપાસના વિસ્તારોના એકંદર આરોગ્યને જાળવવા માટે યોગ્ય ઘન કચરાનું વ્યવસ્થાપન જરૂરી છે.

### દેવિકા નદી

દેવિકા નદી જમ્મુ અને કાશ્મીરના ઉધમપુર જિલ્લાના ડુંગરાળ સુધ્ધ મહાદેવ મંદિરમાંથી નીકળે છે અને પશ્ચિમ પંજાબ (હવે પાકિસ્તાન) તરફ વહે છે જ્યાં તે રાવી નદીમાં ભળે છે.

- આ નદી ધાર્મિક મહત્ત્વ પણ ધરાવે છે કારણ કે તે ગંગા નદીની બહેન તરીકે પૂજનીય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'આંતરરાષ્ટ્રીય બિલાડી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 6 ઓગસ્ટ (B) 7 ઓગસ્ટ (C) 8 ઓગસ્ટ (D) 9 ઓગસ્ટ **(C)**

2. કયા દિવસે 'ઓગસ્ટ ક્રાંતિ દિવસ' અથવા 'હિન્દ છોડો આંદોલન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 5 ઓગસ્ટ (B) 6 ઓગસ્ટ (C) 7 ઓગસ્ટ (D) 8 ઓગસ્ટ **(D)**

3. કયા આંદોલન દરમિયાન ગાંધીજીએ 'કરેંગે યા મરેંગે' (Do or Die)નું સુત્ર આપ્યું હતું ?

(A) અસહકાર આંદોલન (B) હિન્દ છોડો આંદોલન

(C) ચંપારણ સત્યાગ્રહ (D) દાંડિકૂચ દરમિયાન **(B)**

4. કયા દિવસે હિન્દ છોડો આંદોલનની શરૂઆત થઈ હતી ?

(A) 1 ઓગસ્ટ, 1941 (B) 8 ઓગસ્ટ, 1942 (C) 8 ઓગસ્ટ, 1943 (D) 1 ઓગસ્ટ, 1932 **(B)**

5. તાજેતરમાં શ્રીમતી નિર્મલા સીતારામન દ્વારા 'આદિચનાલ્લુર મ્યુઝિયમ'નો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. તે કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) તમિલનાડુ (B) કેરળ (C) હરિયાણા (D) ઉત્તરપ્રદેશ **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

6. તાજેતરમાં ભારતના ડાયરેક્ટોરેટ ઓફ ફોરેન ટ્રેડ (DGFT)એ નીચેના પૈકી કઈ વસ્તુ સંબંધિત સાધનોની આયાત પર પ્રતિબંધ મૂકયો છે ?

(A) સેમિકન્ડક્ટર ચીપ્સ (B) લેપટોપ, કમ્પ્યૂટર

(C) ખનીજ ઈંધણ, તેલ (D) આયર્ન અને સ્ટિલ **(B)**

7. તાજેતરમાં કેન્દ્રીય વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે 'દેવિકા નદી કાયાકલ્પ પ્રોજેક્ટ' પૂર્ણતાના આરે છે. આ દેવિકા નદી વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. દેવિકા નદી જમ્મુ અને કાશ્મીરના ઉધમપુર જિલ્લાના ડુંગરાળ સુધ્ધ મહાદેવ મંદિરમાંથી નીકળે છે અને પશ્ચિમ પંજાબ (હવે પાકિસ્તાનમાં) તરફ વહે છે, જ્યાં તે રાવી નદીને મળે છે.
2. આ નદી જમ્મુ કાશ્મીર ઉપરાંત હિમાચલ પ્રદેશ, હરિયાણા અને પંજાબમાંથી વહે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(A)**

## દિવસ મહિમા : 09 ઓગસ્ટ, (1) વિશ્વ આદિવાસી દિવસ (World Tribal Day)
## (2) નાગાસાકી દિવસ (Nagasaki Day)

### વિશ્વ આદિવાસી દિવસ




આદિવાસી લોકોના હકોના સંરક્ષણ અને તેને વાચા આપવા માટે સમગ્ર વિશ્વમાં 9 ઓગસ્ટને 'વિશ્વ આદિવાસી દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- 'વિશ્વ આદિવાસી દિવસ'ને 'વિશ્વના સ્વદેશી લોકોના આંતરરાષ્ટ્રીય દિવસ' (International Day of The World's Indigenous Peoples) તરીકે પણ ઓળખવામાં આવે છે.
- 23 ડિસેમ્બર, 1994ના રોજ યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલીમાં 9 ઓગસ્ટને 'વિશ્વ આદિવાસી દિન' તરીકે ઉજવવાનું નક્કી થયું હતું.
- આ અગાઉ 1990માં યુનાઈટેડ નેશન્સની મહાસભા દ્વારા 1993ના વર્ષને 'આંતરરાષ્ટ્રીય આદિવાસી વર્ષ' જાહેર કરવામાં આવ્યું હતું.
- ત્યારબાદ યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલી દ્વારા :
  (1) વર્ષ 1995 થી 2004 અને (2) વર્ષ 2005 થી 2014 દરમિયાન આદિવાસી લોકો માટેના બે દશકાઓ જાહેર કરવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### વિશ્વ આદિવાસી દિવસ 2023ની થીમ

યુનાઈટેડ નેશન્સ દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2023ની વિશ્વ આદિવાસી દિવસની થીમ 'Indigenous Youth as Agents of change for Self-determination' છે.

### ગુજરાતમાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી

9 ઓગસ્ટ, 2023ના રોજ વિશ્વ આદિવાસી દિવસની રાજ્યકક્ષાની ઉજવણી તાપી જિલ્લાના સોનગઢના ગુણસદા ખાતે કરવામાં આવી હતી.

- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં આ ઉજવણી કરવામાં આવી હતી.
- આ ઉપરાંત 'મારી માટી, મારો દેશ' અભિયાનનો તાપી જિલ્લાની પવિત્ર ભૂમિ પરથી રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો.

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાપી જિલ્લામાંથી 'મેરી માટી, મેરા દેશ' અભિયાનની શરૂઆત કરી




ભારત સરકારે આઝાદીના 75 વર્ષની ઉજવણી કરતા આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે 'મેરી માટી, મેરા દેશ' અભિયાન શરૂ કર્યુ છે.

- આ અંતર્ગત ગુજરાત રાજ્ય સરકાર દ્વારા 'મારી માટી, મારો દેશ' અભિયાનનો તાપી જિલ્લાની પવિત્ર ભૂમિ પરથી રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો છે.
- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાપી જિલ્લાના સોનગઢના ગુણસદાથી આ અભિયાનનો પ્રારંભ કરાવ્યો છે.
- આ પ્રસંગે રાજ્યના આદિજાતિ જિલ્લાઓને રૂ. 1057 કરોડથી વુધ રકમના 4033 જેટલા વિવિધ વિકાસ કામોની ભેટ આપી હતી.
- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આઝાદીની ચળવળમાં ગુજરાતના આદિવાસીઓએ આપેલા બલિદાનને યાદ કરીને આ નાયકોને શ્રદ્ધાંજલી આપી હતી.
- આ ઉપરાંત ગુણસદાની શાળાના પરિસરમાં શિલાફલકમ (સ્મારક તકતી)નું અનાવરણ પણ કર્યુ હતું અને કળશમાં મુટ્ઠીભર માટી અર્પણ કરીને 'કળશ યાત્રા'નો પ્રારંભ કર્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### મેરી માટી મેરા દેશ અભિયાન

'આઝાદી કા અમૃત મહોત્સવ'ના ભાગરૂપે મેરી માટી મેરા દેશ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

- દેશના વિવિધ ભાગોમાંથી એકત્રિત કરવામાં આવેલી માટીનો ઉપયોગ દિલ્હીમાં કર્તવ્ય પથના કિનારે અમૃત વાટિકા ગાર્ડનને વિકસાવવા માટે કરવામાં આવશે.
- પંચાયત અને ગામથી લઈને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.
- સર્વોચ્ચ બલિદાન આપનાર બહાદુરોના નામ સાથે શિલાફલકમ (સ્મારક તકતી) સ્થાપિત કરવામાં આવશે.
- દેશ પ્રત્યે તેમની પ્રતિબદ્ધતા દર્શાવતા નાગરિકો દ્વારા પ્રતિજ્ઞા લેવામાં આવશે.
- 'વસુધા વનધન' અંતર્ગત ગ્રામ પંચાયત અથવા ગામમાં દેશી પ્રજાતિના 75 રોપાઓ વાવવામાં આવશે.
- આ ઉપરાંત સ્વાતંત્ર્ય સેનાનીઓ અને દિવંગત સ્વતંત્ર્ય સેનાનીઓના પરિવારજનોના સન્માન માટે 'વીરો કા વંદન' કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.

## અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ 508 રેલવે સ્ટેશનનો પુનઃવિકાસ



તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમૃત ભારત સ્ટેશન યોજનાના ભાગરૂપે સમગ્ર ભારતમાં 27 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ફેલાયેલા 508 રેલવે સ્ટેશનોના પુનઃવિકાસ માટે શિલાન્યાસ કર્યો હતો.

- અંદાજિત 24470 કરોડથી વધુના ખર્ચના આ પુનઃવિકાસ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય રેલવે સ્ટેશનોને આધુનિક, સુસજ્જ હબમાં પરિવર્તિત કરવાનો છે.
- નોંધનીય છે કે આ પુનઃનિર્માણ કાર્યનો શુભારંભ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીથી વીડિયો કોન્ફરન્સ દ્વારા કરાવ્યો હતો.
- જેમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અમદાવાદના અસારવા રેલવે સ્ટેશનથી આ કાર્યક્રમમાં સહભાગી થયા હતા.

### ગુજરાતના 21 સ્ટેશનોનું પુનઃનિર્માણ

અમૃત ભારત સ્ટેશન યોજના અન્વયે દેશના 508 રેલવે સ્ટેશનો પૈકી ગુજરાતના 21 રેલવે સ્ટેશનોનું પણ રૂ. 845 કરોડના ખર્ચે પુનઃનિર્માણ થવાનું છે.

- ગુજરાતના પુનઃવિકસિત થનારા 21 રેલવે સ્ટેશન નીચે મુજબ છે :

  અસારવા, ભચાઉ, ભક્તિનગર, ભરૂચ જંકશન, બોટાદ જંકશન, ડભોઈ જંકશન, ડેરોલ, ધ્રાંગધ્રા, હિંમતનગર જંકશન, કલોલ જંકશન, કેશોદ, મિયાગામ કરજણ, ન્યુભૂજ, પાલનપુર જંકશન, પાટણ, પ્રતાપનગર, સંજાણ, સાવરકુંડલા, સુરેન્દ્રનગર, વિરમગામ, વિશ્વામિત્રી.

### અમૃત ભારત સ્ટેશન યોજના

અમૃત ભારત સ્ટેશન યોજનાનો હેતુ સમગ્ર દેશમાં 1309 સ્ટેશનોને પુનઃવિકાસ કરવાનો છે.

- આ યોજના ડિસેમ્બર 2022માં શરૂ કરવામાં આવી હતી.
- કેન્દ્રીય રેલવે મંત્રાલયે સમગ્ર ભારતમાં રેલવેને આધુનિકીકરણ માટે આ યોજના શરૂ કરી હતી.
- આ યોજના લાંબાગાળાના વિઝન સાથે સતત ધોરણે સ્ટેશનોના વિકાસની કલ્પના કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અમૃત ભારત સ્ટેશન યોજનાના ઉદ્દેશ્યો

અમૃત ભારત સ્ટેશન યોજનાના કેટલાંક વ્યાપક ઉદ્દેશ્યો નીચે મુજબ છે :

(1) ન્યૂનતમ આવશ્યક સુવિધાઓથી વધુ સુવિધાઓ વધારવા અને લાંબા ગાળે સ્ટેશન પરિસરમાં રૂફ પ્લાઝા અને સિટી સેન્ટર બનાવવા માટે રેલવે સ્ટેશનોના માસ્ટર પ્લાનની તૈયારી અને અમલીકરણ.

(2) ભંડોળની ઉપલબ્ધતા અને પરસ્પર અગ્રતાના આધારે તમામ હિતધારકોની જરૂરિયાતોને પહોંચી વળવું.

(3) આ યોજના હાલની સુવિધાઓના અપગ્રેડેશન અને રિપ્લેસમેન્ટ તેમજ નવી સુવિધાઓની શરૂઆતને પૂરી કરશે.

(4) તે એ સ્ટેશનોને આવરી લેશે જે વિગતવાર તકનીકી–આર્થિક સંભવિતતા અભ્યાસમાંથી પસાર થયા છે. જોકે આ સ્ટેશનોમાં રૂફ પ્લાઝા નજીકના ગાળામાં બાંધવામાં આવશે નહીં કારણ કે સ્ટ્રક્ચર્સ અને યુટિલિટીઝની પુનઃ ફાળવણીને ઉચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી છે.

## કાર્યક્ષેત્ર

અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળના કાર્યક્ષેત્ર નીચે મુજબ છે :

### પ્લેટફોર્મ

આ યોજના હેઠળ રેલવે સ્ટેશનોની તમામ શ્રેણીઓ માટે ઉચ્ચ સ્તરીય પ્લેટફોર્મનું વિતરણ કરવામાં આવશે.

- આ પ્લેટફોર્મ પર ડ્રેનેજ સુવિધાઓને બહેતર બનાવવામાં આવશે, જેમાં સૌંદર્યલક્ષી રીતે ડિઝાઈન કરાયેલા એન્ટિ–થેફ્ટ કવર્સથી ગટોરોને આવરી લેવાનો સમાવેશ થાય છે.

### ઈન્ટરનેટ કનેક્ટિવિટી

રેલવે સ્ટેશનના ઉપયોગકર્તાઓને ફ્રી વાઈ–ફાઈ સુવિધા આપવામાં આવશે.

- આ માસ્ટર પ્લાનમાં 5G ટાવર ઈરેક્શન પણ સામેલ છે.

### મલ્ટી-ડિઝાઈન ફર્નિચર

વેઈટિંગ રૂમ, પ્લેટફોર્મ, રિટાયરિંગ રૂમ અને ઓફિસમાં હાલના ફર્નિચરની સમીક્ષા કરવામાં આવશે.

- જો જરૂર હોય તો ફર્નિચરને વધુ આરામદાયક અને ટકાઉ બનાવવા માટે બદલવામાં આવશે.

### સર્વસમાવેશકતા

દિવ્યાંગજનોની જરૂરિયાતોને પહોંચી વળવા માટે રેલવે સ્ટેશનો પર સુવિધાઓ હશે.

- દિવ્યાંગજનો માટે તમામ કેટેગરીના સ્ટેશનો પર પર્યાપ્ત સંખ્યામાં શૌચાલય ઉપલબ્ધ કરાવવામાં આવશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ટકાઉપણુ

ભંડોળની ઉપલબ્ધતા અને હાલની સંપત્તિઓની સ્થિતિના આધારે ટકાઉ અને પર્યાવરણને અનુકૂળ ઉકેલો તરફ ધીમે ધીમે શિફટ થવાના પ્રયાસો કરવામાં આવશે.

# આફ્રિકન દેશ નાઈઝરમાં બળવો



નાઈઝર હાલમાં રાજકીય ઉથલપાથલના સમયગાળામાંથી પસાર થઈ રહ્યું છે.

- કારણ કે ત્યાં થયેલા સૈન્ય–બળવામાં સેનાએ લોકતાંત્રિક રીતે ચૂંટાયેલા રાષ્ટ્રપતિને હટાવીને સત્તા પર કબજો જમાવ્યો છે.
- ન્યુઝ એજન્સી રોયટર્સ અનુસાર સેનાએ નેશનલ ટીવી પર બળવાની જાહેરાત કરી હતી.
- કર્નલ અમદૌ અબ્દ્રમાને અન્ય લશ્કરી અધિકારીઓ સાથે ટીવી પર આવ્યા અને રાષ્ટ્રપતિને સત્તામાંથી દૂર કર્યાની વાત જણાવી હતી.
- નાઈઝરના રાષ્ટ્રપતિ મોહમ્મદ બઝુમને તેમના જ અંગરક્ષકોએ કેદ કર્યા હતા.
- આ સૈન્ય હસ્તક્ષેપ નબળા શાસન, ભ્રષ્ટાચાર અને વંશીય સંઘર્ષોને કારણે પ્રદેશમાં શાંતિ અને સ્થિરતા પુનઃસ્થાપિત કરવાના બહાને કરવામાં આવ્યો છે.

## નાઈઝર




નાઈઝર પશ્ચિમ આફ્રિકામાં એક લેન્ડલોક દેશ છે.

- જે અલ્જેરિયા, લિબિયા, ચાડ, નાઈજીરીયા, બેનિન, બુર્કીના ફાસો અને માલી સાથે સરહદો ધરાવે છે.
- નાઈઝરનો 80%થી વધુ જમીન વિસ્તાર સહારા રણમાં આવેલો છે.
- નાઈઝરનું નામ નાઈઝર નદી પરથી પડયું છે, જે પ્રદેશના દક્ષિણપશ્ચિમ ભાગમાંથી વહે છે.
- તે ફ્રાન્સના કદ કરતા લગભગ બમણો છે.
- તેની રાજધાની નિયામી છે.
- 1960માં સ્વતંત્રતા સુધી નાઈઝર ફ્રેન્ચ વસાહત હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**1.** 'વિશ્વ આદિવાસી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 7 ઓગસ્ટ (B) 8 ઓગસ્ટ (C) 9 ઓગસ્ટ (D) 10 ઓગસ્ટ

**(C)**

**2.** 'વિશ્વ આદિવાસી દિવસ 2023'ની થીમ શું છે ?

(A) Leaving no one behind : Ingigenous Peoples and the call for a new social contract

(B) Indigenous Languages

(C) The roal of Indignous women in the Preservation and Transfermation of Traditional Knowledge

(D) Indigenous Youth as Agents of change for Self-determination

**(D)**

**3.** 9 ઓગસ્ટ, 2023ના રોજ............માં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં 'વિશ્વ આદિવાસી દિવસ'ની રાજ્યકક્ષાની ઉજવણી કરવામાં આવી હતી.

(A) ગુણસદા, સોનગઢ (તાપી) (B) અગર, તિલકવાડા (નર્મદા)

(C) મોટી નારોલી, માંગરોળ (સુરત) (D) આંબલી, ગોધરા (પંચમહાલ)

**(A)**

**4.** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં કયા જિલ્લામાંથી 'મેરી માટી, મેરા દેશ' અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો ?

(A) નર્મદા (B) તાપી (C) ગાંધીનગર (D) મહેસાણા

**(B)**

**5.** તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ દેશમાં 508 રેલવે સ્ટેશનોના પુનઃવિકાસ માટે શિલાન્યાસ કર્યો હતો. આ અંતર્ગત ગુજરાતમાં કેટલા સ્ટેશનોનું પુનઃનિર્માણ થવાનું છે ?

(A) 7 (B) 9 (C) 13 (D) 21

**(D)**

**6.** તાજેતરમાં નાઈજર દેશમાં સૈન્ય બળવો થયો હતો. આ નાઈજર દેશ વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે પશ્ચિમ આફ્રિકામાં આવેલ લેન્ડલોક દેશ છે.
2. તેની રાજધાની નિયામી છે.
3. તે અલ્જેરિયા, લિબિયા, ચાડ, નાઈજીરીયા, બેનિન, બુર્કીના ફાસો અને માલી સાથે સરહદો ધરાવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 2 (D) 1, 2 અને 3

**(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 10 ઓગસ્ટ, (1) વિશ્વ જૈવ ઇંધણ દિવસ (World Biofuel Day)
## (2) વિશ્વ સિંહ દિવસ (World Lion Day)



### વિશ્વ સિંહ દિવસ

સમગ્ર વિશ્વમાં 10 ઓગસ્ટનો દિવસ 'વિશ્વ સિંહ દિવસ' તરીકે ઉજવાય છે.

- આ અંતર્ગત ગુજરાત સરકારના વન વિભાગ દ્વારા 10 ઓગસ્ટ, 2023ના રોજ ગુજરાતમાં 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- સમગ્ર વિશ્વમાં આ પ્રજાતિના સંરક્ષણ અને સંવર્ધન માટે લોકોમાં જાગૃતિ કેળવાય અને સિંહના સંરક્ષણ અને સંવર્ધનમાં લોકોની ભાગીદારી વધે તે હેતુથી 'વિશ્વ સિંહ દિવસ' ઉજવણી કરવામાં આવે છે.

### એશિયાટિક સિંહ

એશિયાઈ સિંહ એ બિલાડી કૂળનું સૌથી ઊંચુ અને વાઘ પછીનું સૌથી મોટુ પ્રાણી છે.

- એશિયાઈ સિંહ માત્ર ભારત દેશના ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર પ્રદેશમાં જ જોવા મળે છે.
- એક સમયે એશિયાઈ સિંહો મેસોપોટેમીયા, અરેબિયા, પર્શીયા અને ભારતીય ઉપખંડ સુધી ફેલાયેલા હતા. છેલ્લે સિંહની વસતી ઘટતા હવે તેઓ માત્ર ગીરના જંગલમાં જ જોવા મળે છે.

નોંધ : હાલના સમયે સિંહ સમગ્ર વિશ્વમાં ફક્ત બે જ જગ્યાએ જોવા મળે છે :

(1) ભારતમાં ગુજરાતના સૌરાષ્ટ્રમાં અને (2) આફ્રિકામાં

### સિંહ સંબંધિત પરીક્ષાલક્ષી કેટલીક માહિતી

- સિંહ ગુજરાત રાજ્યનું રાજ્યપ્રાણી છે.
- સિંહ મોટા ભાગે સુર્યાસ્ત પછીના એક કલાકમાં ગર્જના કરતા હોય છે.
- સિંહના ચાર પગના કુલ 18 નખ(નહોર) હોય છે.
- સિંહના સમૂહને 'પ્રાઈડ' તરીકે ઓળખવામાં આવે છે.
- સિંહના બચ્ચાને 'કબ'(Cub) તરીકે ઓળખવામાં આવે છે. (તેમના બચ્ચાને સરાયું અથવા ભુરડું પણ કહેવાય છે.)
- સિંહ અને સિંહણમાંથી સામાન્ય સંજોગોમાં શિકાર ઉપર પ્રથમ હુમલો સિંહણ કરે છે.
- સિંહનું સરેરાશ આયુષ્ય 18 વર્ષનું હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- નર સિંહનું વજન લગભગ 150 થી 180 કિલો અને માદા સિંહનું વજન લગભગ 125 થી 135 કિલો હોય છે.
- સિંહણનો <u>ગર્ભકાળ</u> સામાન્ય રીતે <u>105 થી 110 દિવસ</u>નો હોય છે.
- સિંહનું વૈજ્ઞાનિક નામ '<u>Panthera Leo</u>' છે.

## CBI એકેડેમી ઈન્ટરપોલ ગ્લોબલ એકેડેમી નેટવર્કમાં જોડાઈ






<u>સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) એકેડેમી</u> <u>10મા સભ્ય</u> તરીકે ગુનાની તપાસ અને કાયદા અમલીકરણ તાલીમ માટે <u>ઈન્ટરપોલ ગ્લોબલ એકેડેમી નેટવર્ક</u>માં જોડાઈ છે.

- આ મહત્વપૂર્ણ પગલું એકેડેમીના વૈશ્વિક પ્રભાવને વધારે છે, જ્યારે અસરકારક સંયુક્ત પહેલ અને ક્ષમતા નિર્માણનો માર્ગ પણ મોકળો કરે છે.
- આ ઈન્ડક્શન માત્ર એકેડેમીની ક્ષમતાઓ માટે જ નહીં પરંતુ કાયદાના અમલીકરણની તાલીમ અને પદ્ધતિના વૈશ્વિક ધોરણો જાળવવા તરફના તેના સમર્પણનો પણ પુરાવો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### CBI એકેડેમી

CBI એકેડેમી એ <u>CBI માટે એક તાલીમ સંસ્થા</u> છે, જે ભારતની મુખ્ય તપાસ એજન્સી છે.

- CBI એકેડેમીની સ્થાપના <u>વર્ષ 1996માં</u> કરવામાં આવી હતી અને તે <u>ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદમાં</u> સ્થિત છે.
- તેનો ઉદ્દેશ્ય રાષ્ટ્રની સેવામાં વ્યાવસાયીકરણ, નિષ્પક્ષતા,અખંડિતતા અને સમર્પણના ઉચ્ચ ધોરણો હાંસલ કરવાનો છે.
- તે સાયબર ક્રાઈમ, નાણાકીય અપરાધ, આતંકવાદ વિરોધી, પર્યાવરણીય અપરાધ, ભ્રષ્ટાચાર વિરોધી, માનવ અધિકાર, ફોરેન્સિક વિજ્ઞાન વગેરે જેવા વિષયો પર વિવિધ તાલીમ કાર્યક્રમોનું આયોજન કરે છે.
- તે વિદેશી એજન્સીઓ અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ જેમ કે યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી, ફ્રેન્ચ એમ્બેસી અને ઈન્ટરપોલની સાથે સંયુક્ત તાલીમ કાર્યક્રમો અને સંશોધન પ્રોજેક્ટ્સ માટે સહયોગ કરે છે.
- તેણે તેના તાલીમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આઉટરીચને વિસ્તારવા માટે <u>કોલકાતા</u>, <u>ચેન્નાઈ</u> અને <u>મુંબઈ</u> ખાતે ત્રણ પ્રાદેશિક તાલીમ કેન્દ્રોની પણ સ્થાપના કરી છે.

## ઈન્ટરપોલ ગ્લોબલ એકેડેમી નેટવર્ક

કાયદાના અમલીકરણની તાલિમમાં વૈશ્વિક વ્યૂહરચનાનું નેતૃત્વ કરવામાં મદદ કરવા માટે INTERPOL દ્વારા 2019માં શરૂ કરાયેલ આ એક પ્રોજેક્ટ છે.

- તેનું કાર્ય સહકારી પ્રશિક્ષણ પ્રોજેક્ટ્સ અને સંશોધન કાર્યક્રમોની રચના અને અમલીકરણ સાથે શ્રેષ્ઠ પ્રયાસો અને સંસાધનોની આપલે કરવાનું છે.
- આ ઉપરાંત જ્ઞાન અને કૌશલ્યના આદાન–પ્રદાન સાથે નેટવર્ક કાયદા અમલીકરણ તાલીમ શાળાઓ વચ્ચે શૈક્ષણિક સહયોગને પ્રોત્સાહન આપવાનો પણ પ્રયાસ કરે છે.
- તથા તે નેટવર્ક ગુણવત્તાના ધોરણો, માન્યતા પદ્ધતિઓ અને સિસ્ટમો સ્થાપિત કરીને કાયદાના અમલીકરણ તાલીમમાં શૈક્ષણિક શ્રેષ્ઠતા અને નવીનતાને પ્રોત્સાહન આપે છે.

## 74મો વનમહોત્સવ : પાવાગઢ નજીક જેપુરા ખાતે 'વન કવચ' અર્પણ




3 ઓગસ્ટ, 2023ના રોજ પંચમહાલ જિલ્લામાં પાવાગઢ નજીક જેપુરા ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં 74મા વનમહોત્સવની રાજ્યકક્ષાની ઉજવણી કરવામાં આવી હતી.

- આ પ્રસંગે શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પાવાગઢ–જેપુરા ખાતે નવનિર્મિત 'વન કવચ'ને અર્પણ કર્યુ હતું. આ સાથે ગુજરાતને બીજુ વન કવચ મળ્યું છે.

### વન કવચ

પાવાગઢથી 6 કિમી દૂર આવેલા જેપુરા ખાતે ગોધરા સામાજિક વનીકરણ વિભાગ દ્વારા 1.1 હેક્ટર વિસ્તારમાં મિયાવાકી પદ્ધતિનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવેલા 'વન કવચ'માં 100થી વધુ પ્રકારના 11 હજારથી વધુ છોડનું બારીકાઈથી વાવેતર કરવામાં આવ્યું છે.

- આ ભવ્ય વન કવચમાં 200થી વધુ વૈવિધ્યસભર પ્રજાતિઓ છે. જે સમૃદ્ધ જૈવવિવિધતાના અનુકરણીય પ્રદર્શન તરીકે સેવા આપે છે.
- જેપુરા વન કવચની વિશેષતાઓ જોઈએ તો પાવાગઢની સાત કમાનો જેવો જ પથ્થરથી બનેલો પ્રવેશદ્વાર છે. તથા અહીંના ગાઝેબો ઉત્તર કારીગરીનો ઉત્તમ નમૂનો છે.

- આ ગાઝેબો એક ખાસ રેતીના પથ્થરની ટોચ પર કોતરવામાં આવેલા 8 સ્તંભોની મદદથી સ્થાપિત કરવામાં આવ્યો છે.
- ગાઝેબો ઉપર 4 વિશિષ્ટ વનસ્પતિઓ જેવી કે વડ, આંબો, કાંચનાર તથા કેસૂડાની ડાળીઓ અને પાંદડાની આબેહૂબ પ્રતિકૃતિઓની લોખંડની પટ્ટીઓ પર કોતરણી કરીને ગુંબજ બનાવવામાં આવ્યો છે.
- રાજુલા પથ્થરથી બનાવેલા રસ્તા, પથ્થરથી બનાવેલા ગાઝેબો અને પ્રાચીન શિલ્પકાળથી બનાવેલ પ્રવેશદ્વાર આકર્ષણનું કેન્દ્ર છે.
- આ ઉપરાંત વન કવચ 100થી વધુ વૃક્ષો, ઝાડીઓ અને વનસ્પતિ સાથે મધ્ય ગુજરાતમાં જોવા મળતા જંગલોની પ્રતિકૃતિ ધરાવે છે.
- ઉપયોગી ઔષધીઓમાં અર્જૂન સદાદ, સમિદા, ચારોલી, તિમરુ, અરડુસી, અશ્વગંધા વગેરેનો સમાવેશ થાય છે.
- નોંધનીય છે કે વર્ષ 2022માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતા નગર ખાતે પ્રથમવખત 'વન કવચ' પદ્ધતિનો ઉપયોગ કરીને બનાવવામાં આવેલા વનનું ઉદ્દઘાટન કર્યું હતું.

## હરસિદ્ધ વનનું ઈ-ખાતમૂહુર્ત

- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વન કવચના લોકાર્પણ સાથે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હરસિદ્ધમાતા તીર્થ ક્ષેત્રમાં નિર્માણ થનારા રાજ્યના 23માં સાંસ્કૃતિક વન હરસિદ્ધ વનનું ઈ–ખાતમૂહુર્ત કર્યું હતું.

## વન મહોત્સવની ઉજવણી

વન મહોત્સવ એ ભારતમાં વાર્ષિક એક અઠવાડિયાના વૃક્ષારોપણનો ઉત્સવ છે.

- તેની શરૂઆત વર્ષ 1950માં તત્કાલીન કેન્દ્રિય કૃષિ અને ખાદ્ય મંત્રી કનૈયાલાલ માણેકલાલ મુનશીએ રાજઘાટ, દિલ્હી ખાતે એક વૃક્ષ વાવીને કરી હતી.
- વન મહોત્સવનો મુખ્ય ઉદ્દેશ વન સંરક્ષણ અને વૃક્ષારોપણ પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવાનો છે.
- વર્તમાન સમયે ભારતમાં સામાન્ય રીતે દર વર્ષે 1 જુલાઈથી 7 જુલાઈ દરમિયાન 'વનમહોત્સવ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવે છે.
- જોકે, વર્ષા ઋતુના આગમન બાદ વનમહોત્સવની ઉજવણી થતી હોવાથી દેશના જુદા–જુદા દિવસોમાં તેની ઉજવણી કરવામાં આવે છે.
- આ અંતર્ગત ગુજરાતમાં તાજેતરમાં 74માં વનમહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ગુજરાતમાં સાંસ્કૃતિક વનોનું નિર્માણ

ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વનમહોત્સવની ઉજવણીના ભાગરૂપે ગુજરાતમાં વર્ષ 2004થી સાંસ્કૃતિક વનોના નિર્માણનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

- આ અંતર્ગત ગુજરાતમાં 6 જુલાઈ, 2004ના રોજ ગાંધીનગરના સેક્ટર 18 ખાતે સૌપ્રથમ 'પુનિત વન'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.
- પુનિત વનમાં ગ્રહ, નક્ષત્ર, રાશિ, સંસ્કૃતિ અને આસ્થાને કેન્દ્ર બિન્દુમાં રાખી જુદા–જુદા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.
- ગુજરાતમાં વર્ષ 2004 સુધી વનમહોત્સવની રાજ્યકક્ષાની ઉજવણી ગાંધીનગર ખાતે જ થતી હતી.
- પરંતુ તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ 2005થી એક નવતર અભિગમ અંતર્ગત ગાંધીનગરની જગ્યાએ ગુજરાતના જુદા–જુદા સ્થળોએ વન મહોત્સવની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- આ અંતર્ગત વર્ષ 2005માં ગાંધીનગર બહાર સૌપ્રથમ ગુજરાતના અંબાજી ખાતે રાજ્યકક્ષાના વનમહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.
- જેમાં 17 જુલાઈ, 2005ના રોજ અંબાજી ખાતે ગુજરાતના બીજા સાંસ્કૃતિક વન 'માંગલ્ય વન'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.
- ગુજરાતમાં ઓગસ્ટ, 2022 સુધીમાં કુલ 22 સાંસ્કૃતિક વનોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સાંસ્કૃતિક વનોના મુખ્ય ઉદ્દેશો

- ધાર્મિક અને ઔષધિય વૃક્ષોથી વધુમાં વધુ લોકોને માહિતીગાર કરવા.
- વૃક્ષ આચ્છાદાન હેઠળનો વિસ્તાર વધારવામાં લોકોની સક્રિય ભાગીદારી વધારાવી.
- જૈવ વિવિધતા અને પર્યાવરણમાં સુધારો સંવર્ધન કરવું.
- રોજગારી ઉત્પન્ન કરવી.
- પૌરાણિક સંસ્કૃતિથી લોકોને પરિચિત કરવા.
- વૃક્ષ થકી લોક કલ્યાણ અને વૃક્ષો પ્રત્યે લોકોમાં ભાવના જાગૃત કરવી.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ગુજરાતમાં વનમહોત્સવ અંતર્ગત સાંસ્કૃતિક વનોનું નિર્માણ

| ક્રમ | જિલ્લો | સ્થળ | વનનું નામ | વર્ષ | વનમહોત્સવ |
|---|---|---|---|---|---|
| 1 | ગાંધીનગર | સેક્ટર 18, ગાંધીનગર | પુનિત વન | 2004 | 55મો |
| 2 | બનાસકાંઠા | અંબાજી | માંગલ્ય વન | 2005 | 56મો |
| 3 | મહેસાણા | તારંગા | તીર્થંકર વન | 2006 | 57મો |
| 4 | ગીર સોમનાથ | સોમનાથ | હરિહર વન | 2007 | 58મો |
| 5 | સુરેન્દ્રનગર | ચોટીલા | ભક્તિ વન | 2008 | 59મો |
| 6 | સાબરકાંઠા | શામળાજી | શ્યામલ વન | 2009 | 60મો |
| 7 | ભાવનગર | પાલીતાણા | પાવક વન | 2010 | 61મો |
| 8 | પંચમહાલ | પાવાગઢ | વિરાસત વન | 2011 | 62મો |
| 9 | મહિસાગર | માનગઢ | ગોવિંદગુરૂ સ્મૃતિ વન | 2012 | 63મો |
| 10 | દેવભૂમિ દ્વારકા | દ્વારકા | નાગેશ વન | 2013 | 64મો |
| 11 | રાજકોટ | કાગવડ | શક્તિ વન | 2014 | 65મો |
| 12 | નવસારી | ભીનાર, વાંસદા | જાનકી વન | 2015 | 66મો |
| 13 | આણંદ | વહેરાખાડી (વ્હોરાખાડી) | મહિસાગર વન | 2016 | 67મો |
| 14 | વલસાડ | બાલ ચૌઠી | આમ્ર વન | 2016 | 67મો |
| 15 | સુરત | મૌતા અથવા મોટા | એકતા વન | 2016 | 67મો |
| 16 | જામનગર | ભૂચરમોરી | શહિદ વન | 2016 | 67મો |
| 17 | સાબરકાંઠા | પાલ–દઢવાવ | વીરાંજલી વન | 2017 | 68મો |
| 18 | કચ્છ | રૂદ્રમાતા ડેમ સાઈટ | રક્ષક વન | 2018 | 69મો |
| 19 | અમદાવાદ | ઓઢવ | જડેશ્વર વન | 2019 | 70મો |
| 20 | રાજકોટ | આજીડેમ | રામવન | 2020 | 71મો |
| 21 | વલસાડ | કલગામ (તાલુકો : ઉમરગામ) | મારૂતિ નંદન વન | 2021 | 72મો |
| 22 | સુરેન્દ્રનગર | દૂધરેજ કેનાલ સાઈટ | વટેશ્વર વન | 2022 | 73મો |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# Conjuctivitis : ગુજરાતમાં આંખ આવવાના કેસોમાં સતત વધારો



તાજેતરમાં ગુજરાત સહિત ભારતના અન્ય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કન્જેક્ટિવાઈટિસ અથવા આંખ આવવાના કેસોમાં સતત વધારો થયો છે.

- ભારતમાં ચોમાસાની ઋતુ દરમિયાન **'Conjuctivitis'**ના કેસો વધી રહ્યા છે.
- કારણ કે ઉચ્ચ ભેજ અને વરસાદ ચેપના સંક્રમણ માટે અનુકૂળ વાતાવરણ બનાવે છે.

## કન્જેક્ટિવાઈટિસ રોગ શું છે ?




કન્જેક્ટિવાઈટિસ એ આંખનો રોગ છે, જેને 'નેત્રસ્તર દાહ' અથવા 'ગુલાબી આંખ' **(Pink Eye)** તરીકે પણ ઓળખવામાં આવે છે.

- આ રોગમાં આંખ લાલ થઈ જાય છે અને સોજો આવે છે.
- આ રોગ ત્યારે થાય છે જ્યારે આંખનો એક ભાગ નેત્રસ્તર, એલર્જી અથવા ચેપના કારણે સોજો આવે છે.
- કોન્જુક્ટીવા એ પારદર્શક અને પાતળી પેશી છે જે આંખના સફેદ ભાગ (સ્કલેરા)ની બાહ્ય સપાટી અને પોપચાની અંદરની સપાટીને આવરી લે છે. તે પાંપણ અને આંખની કીકીને ભેજવાળી રાખવામાં પણ મદદ કરે છે.
- કન્જેક્ટિવાઈટિસ એક અથવા બંને આંખોમાં થઈ શકે છે.
- આ અસરગ્રસ્ત આંખમાં લાલાશ, ખંજવાળ, સ્ત્રાવ અને પીડાનું કારણ બને છે.
- તે વાયરસ, બેક્ટિરિયા, એલર્જી અથવા અન્ય પરિબળોને કારણે થઈ શકે છે.
- આ રોગને અટકાવવા માટે વ્યક્તિએ વારંવાર હાથ ધોવા જોઈએ, આંખોને સ્પર્શવાનું અથવા ઘસવાનું ટાળવું જોઈએ, અન્ય લોકો સાથે અંગત વસ્તુઓ શેર ન કરવી જોઈએ, સનગ્લાસ અથવા ચશ્મા પહેરવા જોઈએ અને એવા લોકોથી દૂર રહેવું જોઈએ જેમને નેત્રસ્તર દાહ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | |
|---|---|---|
| 1. | 'વિશ્વ જૈવ ઈંધણ દિવસ' અથવા તો 'World Biofuel Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 10 ઓગસ્ટ (B) 11 ઓગસ્ટ (C) 12 ઓગસ્ટ (D) 13 ઓગસ્ટ | (A) |
| 2. | 'વિશ્વ સિંહ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 29 જુલાઈ (B) 1 ઓગસ્ટ (C) 7 જુલાઈ (D) 10 ઓગસ્ટ | (D) |
| 3. | તાજેતરમાં સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) એકેડેમી............માં સભ્ય તરીકે ગુનાની તપાસ અને કાયદા અમલીકરણ તાલીમ માટે ઈન્ટરપોલ ગ્લોબલ એકેડેમી નેટવર્કમાં જોડાઈ છે.<br>(A) 7મા (B) 10મા (C) 17મા (D) 21મા | (B) |
| 4. | ઓગસ્ટ, 2023 દરમિયાન ગુજરાતમાં કેટલામાં વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી છે ?<br>(A) 71મા (B) 72મા (C) 73મા (D) 74મા | (D) |
| 5. | મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કયા સ્થળેથી 74મા વન મહોત્સવની રાજ્યકક્ષાની ઉજવણી કરી હતી ?<br>(A) સિધ્ધપુર, પાટણ (B) ભીનાર, નવસારી<br>(C) જેપુરા–પાવાગઢ, પંચમહાલ (D) પાલ–દઢવાવ, સાબરકાંઠા | (C) |
| 6. | તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈપટેલે જેપુરા ખાતે નવનિર્મિત 'વન કવચ' અર્પણ કર્યુ હતું. તે કયા જિલ્લામાં સ્થિત છે ?<br>(A) સાબરકાંઠા (B) પંચમહાલ (C) નર્મદા (D) વડોદરા | (B) |
| 7. | તાજેતરમાં 74મા વનમહોત્સવની ઉજવણી દરમિયાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે હરસિદ્ધ વનનું ઈ–ખાતમૂહુર્ત કર્યુ હતું. તે કયા જિલ્લામાં સ્થિત છે ?<br>(A) દેવભૂમિ દ્વારકા (B) વલસાડ (C) પાટણ (D) કચ્છ | (A) |
| 8. | તાજેતરમાં સમાચારમાં રહેલ 'Conjuctivitis' રોગ કયા અંગ સાથે સંબંધિત છે ?<br>(A) ઘૂંટણ (B) આંખ (C) ફેફસા (D) આંતરડા | (B) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## એમેઝોન કોઓપરેશન ટ્રીટી ઓર્ગેનાઈઝેશન દ્વારા આયોજિત એમેઝોન સમિટ



એમેઝોન કોઓપરેશન ટ્રીટી ઓર્ગેનાઈઝેશન (ACTO) એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. જેનો ઉદ્દેશ્ય 'એમેઝોન બેસિનના ટકાઉ વિકાસને પ્રોત્સાહન' આપવાનો છે.

- એમેઝોન સમિટમાં કોલંબિયાએ દરખાસ્ત કરી હતી કે એમેઝોનના 80% ભાગને 2025 સુધીમાં વનનાબૂદી અને અધોગતિથી સુરક્ષિત કરવાની જરૂર છે, પરંતુ તેને તમામ સભ્યો દ્વારા સમર્થન મળ્યું ન હતું.
- વૈજ્ઞાનિકો લાંબા સમયથી ચેતવણી આપી રહ્યા છે કે જો એમેઝોનનું સંયુક્ત વનનાબૂદી અને અધોગતી 20-25% થ્રેશોલ્ડને વટાવે છે તો તે એક બદલી ન શકાય તેવા બિંદુએ પહોંચી શકે છે જેની સમગ્ર ઈકોસિસ્ટમ પર નોંધપાત્ર પ્રતિકૂળ અસરો થઈ શકે છે.
- એમેઝોન સમિટ દરમિયાન જારી કરાયેલ બેલેમ ઘોષણા જૈવવિવિધતા સંરક્ષણ માટે સ્થાનિક વિસ્તારના જ્ઞાનના મહત્ત્વને ઓળખે છે.

### એમેઝોનનું જંગલ

એમેઝોનના જંગલને **'Amazon RainForest'** (એમેઝોન વર્ષાવન) તથા **Amazonia** તરીકે પણ ઓળખવામાં આવે છે.

- તે એક **'Moist Broadleaf Tropical RainForest'** એટલે કે 'મોટા પાંદડા અને ભેજવાળું ઉષ્ણકટિબંધિય વરસાદી વન' છે.
- દક્ષિણ અમેરિકા ખંડના એમેઝોન બેસિનમાં આશરે **5,500,000 $KM^2$** વિસ્તારમાં આ જંગલો આવેલા છે.
- વિશ્વના કુલ **Rainforest** (વર્ષા કે વરસાદી વન)નો લગભગ અડધો ભાગ આ જંગલો ધરાવે છે.
- આ ઉપરાંત વિશ્વના ઉષ્ણકટિબંધીય વનોમાં સૌથી વધુ જૈવ વિવિધતા આ વનોમાં જ જોવા મળે છે.

### કયા દેશમાં આ જંગલ આવેલું છે ?

વિશ્વના કુલ 9 દેશોની સરહદમાં આ જંગલો આવેલા છે.

- જેમાં આ જંગલોનો સૌથી વધુ 60 ટકા વિસ્તાર એકલા બ્રાઝિલમાં જ આવેલો છે.
- બ્રાઝિલ બાદ બીજા ક્રમે પેરુમાં આ જંગલનો 13 ટકા અને ત્યારબાદ ત્રીજા ક્રમે કોલમ્બિયામાં આ જંગલનો 10 ટકા વિસ્તાર આવેલો છે.
- આ જંગલનો બાકીનો 17 ટકા વિસ્તાર વેનેઝુએલા, ઈક્વાડોર, બોલિવિયા, ગુયાના, સુરિનામ અને ફ્રેન્ચ ગુયાનામાં આવેલો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિવિધ દેશોનો એમેઝોનના જંગલોમાં હિસ્સો

| ક્રમ | દેશ | હિસ્સો |
|---|---|---|
| 1 | બ્રાઝિલ | 60 |
| 2 | પેરુ | 13 |
| 3 | કોલમ્બિયા | 10 |
| 4 | વેનેઝુએલા, ઈક્વાડોર, બોલિવિયા, ગુયાના, સુરિનામ, ફ્રેન્ચ ગુયાના | 17 |

## શું એમેઝોનના જંગલો વિશ્વનો 20 ટકા પ્રાણવાયુ પૂરો પાડે છે ?

સામાન્ય રીતે એવું કહેવામાં આવે છે કે એમેઝોનના જંગલો વિશ્વનો 20 ટકા પ્રાણવાયુ (એટલે કે ઓક્સિજન) પૂરો પાડે છે.

- અને આ કારણે એમેઝોનના જંગલોને 'વિશ્વના ફેફસા' પણ કહેવામાં આવે છે.
- પરંતુ ખરી હકીકત તો એ છે કે પૃથ્વીના કુલ વિસ્તારમાંથી આશરે 71 ટકા ભાગ પાણી અને લગભગ 29 ટકા ભાગ જમીનનો છે.
- જેમાં પૃથ્વીના ફક્ત જમીન વિસ્તારના જ અને એમાંય પ્રકાશસંશ્લેષણ (Photosynthesis)ની ક્રિયા દ્વારા ઉત્પન્ન થતા કુલ ઓક્સિજનમાંથી લગભગ 20 ટકા હિસ્સો એમેઝોનના જંગલોનો છે, સમગ્ર વિશ્વમાં ઉત્પન્ન થતા કુલ ઓક્સિજનનો નહિ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## અવકાશયાત્રા માટે પરમાણુ રોકેટ (Nuclear Rocket for Space Travel)



NASA, યુનાઈટેડ સ્ટેટ્સ ડિફેન્સ એડવાન્સ રિસર્ચ પ્રોજેક્ટ એજન્સી (DARPA) સાથે મળીને એક પરમાણુ રોકેટ અથવા ન્યુક્લિયર પ્રોપલ્શન સિસ્ટમની શોધ કરી રહ્યું છે જે સંભવિતપણે મંગળની મુસાફરીનો સમય અડધો કરી શકે છે.

- આ મહત્વાકાંક્ષી પહેલને 'Demonstration Rocket for Agile Cislunar Oprations' (DRACO) તરીકે ઓળખવામાં આવે છે.
- અને તે 2025ના અંતમાં અથવા 2026ની શરૂઆતમાં લોન્ચ થવાની છે.

## DRACO શું છે ?

**DRACO પ્રોજેક્ટ અવકાશી પદાર્થો વચ્ચે ટૂંકા મુસાફરી સમય અને સુધારેલ ઈંધણ કાર્યક્ષમતાની સંભાવના પ્રદાન કરે છે.**

- **DRACOની દૃષ્ટિનું કેન્દ્ર એક પરમાણુ રિએક્ટર છે જે યુરેનિયમ અણુઓના વિભાજનમાંથી મેળવેલી ઊર્જાનો ઉપયોગ કરે છે.**
- **DRACO અસંખ્ય રીતે અવકાશ યાત્રામાં ક્રાંતિ લાવવાની ક્ષમતા ધરાવે છે.**
- **DRACOના મહત્ત્વ વિશેના કેટલાક મહત્ત્વના મુદ્દાઓ નીચે મુજબ દર્શાવ્યા છે :**

**(1) પ્રવેગકતા અને ઝડપ :**

- રાસાયણિક પ્રતિક્રિયાઓ (ઓક્સિજન સાથે હાઈડ્રોજન અથવા મિથેન જેવા બળતણ) પર આધાર રાખતા પરંપરાગત રોકેટ એન્જિનથી વિપરીત, પરમાણુ પ્રતિક્રિયાઓ ઘણી ઊર્જા ઉત્પન્ન કરે છે, જે અવકાશયાનને તેની સમગ્ર મુસાફરી દરમિયાન સતત વેગ આપવા સક્ષમ બનાવે છે.
- આ પ્રવેગક મંગળ જેવા દૂરના સ્થળોની મુસાફરીના સમયને નોંધપાત્ર રીતે ઘટાડી શકે છે.

**(2) ઉન્નત બળતણ કાર્યક્ષમતા :**

- ન્યુક્લિયર પ્રોપલ્શન સિસ્ટમ વધુ બળતણ કાર્યક્ષમતા આપે છે, જે અતિશય પ્રોપેલન્ટ વહન કરવાની જરૂરિયાત ઘટાડે છે.
- આ લાભ આંતરગ્રહીય સફરની અવધીમાં ભારે ઘટાડો કરી શકે છે.

**(3) ન્યૂનત્તમ એક્સપોઝર :**

- ઝડપી મુસાફરીનો સમય ઊંડા અવકાશની કઠોર પરિસ્થિતિઓમાં અવકાશયાત્રીઓના સંપર્કમાં ઘટાડો થાય છે.
- વિસ્તૃત અવકાશયાત્રા સાથે સંકળાયેલ સંભવિત જોખમો, જેમ કે રેડિયશન એક્સપોઝર અને આઈસોલેશન ઝડપી મુસાફરી દ્વારા ઘટાડી શકાય છે.

## ન્યુક્લિયર રોકેટની ચિંતાઓ

અવકાશમાં પરમાણુ બળતણનો ઉપયોગ કરવાની પ્રાથમિક ચિંતાઓમાંની એક અકસ્માતો અથવા એવી સંભાવના છે જે કિરણોત્સર્ગી સામગ્રીને અવકાશમાં અથવા પૃથ્વી પર પાછા છોડી શકે છે.

- આવી ઘટનાઓ ગંભીર પર્યાવરણીય અને આરોગ્ય પરિણામો હોઈ શકે છે.
- બોર્ડ પર પરમાણુ સાથે અવકાશયાનનું પ્રક્ષેપણ જોખમો રજૂ કરે છે, કારણ કે પ્રક્ષેપણ નિષ્ફળતા અથવા વિસ્ફોટકની તક હંમેશા રહે છે. જે વિશાળ વિસ્તારમાં કિરણોત્સર્ગી સામગ્રીના ફેલાવા તરફ દોરી જાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં ACTO દ્વારા 'એમેઝોન સમિટ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ એમેઝોન જંગલ વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. એમેઝોનના જંગલને 'Amazon Rain Forest' તથા 'Amazonia' તરીકે પણ ઓળખવામાં આવે છે.
2. વિશ્વના 11 દેશોની સરહદમાં આ જંગલો આવેલા છે.
3. જેમાં સૌથી વધુ વિસ્તાર બ્રાઝિલમાં આવેલો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 (B) માત્ર 1 અને 3
(C) માત્ર 1 અને 2 (D) 1, 2 અને 3 **(B)**

---

2. વિશ્વના કુલ કેટલા દેશોમાં એમેઝોનનું જંગલ આવેલું છે ?

(A) 5 (B) 7 (C) 9 (D) 12 **(C)**

---

3. એમેઝોનનું જંગલ કયા ખંડમાં આવેલું છે?

(A) ઉત્તર અમેરિકા (B) દક્ષિણ અમેરિકા (C) યુરોપ (D) દક્ષિણ આફ્રિકા **(B)**

---

4. NASA, યુનાઈટેડ સ્ટેટ્સ ડિફેન્સ એડવાન્સ રિસર્ચ પ્રોજેક્ટ એજન્સી (DARPA) સાથે મળીને એક પરમાણુ રોકેટની શોધ કરી રહ્યું છે. જેમાં DRACO શબ્દ ચર્ચામાં હતો. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. DRACOનું પૂરું નામ 'Demonstration Rocket for Agile Cislunar Oprations' છે.
2. DRACO રોકેટ પ્રોજેક્ટ અવકાશી પદાર્થો વચ્ચે ટૂંકા મુસાફરી સમય અને સુધારેલ ઈંધણ કાર્યક્ષમતાની સંભાવના પ્રદાન કરે છે.
3. આ પ્રવેગક રોકેટ મંગળ જેવા દૂરના સ્થળોની મુસાફરીના સમયને નોંધપાત્ર રીતે ઘટાડી શકે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 2 (D) 1, 2 અને 3 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 12 ઓગસ્ટ, (1) વિશ્વ હાથી દિવસ (World Elephant Day) (2) આંતરરાષ્ટ્રીય યુવા દિવસ (International Youth Day)

### આંતરરાષ્ટ્રીય યુવા દિવસ




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 12 ઓગસ્ટના રોજ 'આંતરરાષ્ટ્રીય યુવા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 12 ઓગસ્ટ, 2000થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2023ની 'આંતરરાષ્ટ્રીય યુવા દિવસ'ની થીમ 'Green skills for youth : Towards a sustainable world' છે.

નોંધ : 'આંતરરાષ્ટ્રીય યુવા દિવસ' દર વર્ષે 12 ઓગસ્ટના રોજ ઉજવાય છે. જ્યારે ભારતમાં શ્રી સ્વામી વિવેકાનંદનો જન્મદિન 12 જાન્યુઆરી 'રાષ્ટ્રીય યુવા દિન' તરીકે ઉજવાય છે.

## ઉના તાલુકાના નાળિયા માંડવી ખાતે નવો સફારી પાર્ક બનશે



વિશ્વ સિંહ દિવસ 2023ની ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ઉજવણી કરવામાં આવી હતી.

- આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે સાસણગીર ખાતેના સફારી પાર્કમાં થઈ રહેલા પ્રવાસીઓના વધારાના ભારણને ઘટાડવા માટે નવો સફારી પાર્ક બનાવવામાં આવશે.
- આ અંતર્ગત ગીરના પૂર્વ વિસ્તાર એવા ઉના તાલુકાના નાળિયા માંડવી ખાતે નવીન સફારી પાર્ક રાજ્યના બજેટમાં મંજૂર કરવામાં આવ્યો છે.
- આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સિંહની વસતીમાં પણ ઉત્તરોત્તર વધારો થયો છે અને 2010માં 411 સિંહ હતા તે વધીને 2020માં 674 થયા છે.
- આ ઉપરાંત સિંહના વિચરણનો વિસ્તાર પણ ગીર ઉપરાંત ચોટીલા, સાયલા, અમરેલી, ભાવનગર વિસ્તારો મળીને કુલ 30 હજાર ચોરસ કિ.મી. થયો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દ્વિપક્ષીય કવાયત ઝાયદ તલવાર : ભારત-UAE



'ઝાયદ તલવાર' એ ભારત અને UAE નૌકાદળ વચ્ચેની દ્વિપક્ષીય કવાયત છે.

- ભારતીય નૌકાદળના બે જહાજો–INS વિશાખાપટ્ટનમ અને INS ત્રિકંદ દ્વિપક્ષીય કવાયત ઝાયદ તલવારમાં ભાગ લેવા માટે દુબઈના પોર્ટ રાશિદ ખાતે પહોંચ્યા હતા.
- આ કવાયતનો ઉદ્દેશ્ય બંને નૌકાદળો વચ્ચે દરિયાઈ ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો અને આ ક્ષેત્રમાં સુરક્ષા પડકારોની સામાન્ય સમજને પ્રોત્સાહન આપવાનો છે.
- આ કવાયત દરમિયાન બંને નૌકાદળ વચ્ચે સહકાર વધારવા અને સંબંધોને મજબૂત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસો શેર કર્યા હતા.
- આ કવાયતથી ભારત અને UAE વચ્ચેની દરિયાઈ ભાગીદારીને વેગ મળશે અને આ ક્ષેત્રમાં સુરક્ષા પડકારોની સામાન્ય સમજણને પ્રોત્સાહન મળશે તેવી અપેક્ષા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## SATURDAY Questions

1. 'વિશ્વ હાથી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 10 ઓગસ્ટ (B) 11 ઓગસ્ટ (C) 12 ઓગસ્ટ (D) 13 ઓગસ્ટ — **(C)**

2. 'આંતરરાષ્ટ્રીય યુવા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 10 ઓગસ્ટ (B) 11 ઓગસ્ટ (C) 12 ઓગસ્ટ (D) 13 ઓગસ્ટ — **(C)**

3. ભારતમાં 'રાષ્ટ્રીય યુવા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 12 જાન્યુઆરી (B) 12 ફેબ્રુઆરી (C) 12 જૂન (D) 12 જુલાઈ — **(A)**

4. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જાહેરાત કરી હતી કે નાળીયા માંડવી ખાતે નવો સફારી પાર્ક બનશે. જે કયા તાલુકામાં સ્થિત છે ?
(A) તાલાલા (B) ઉના (C) કોડીનાર (D) સુત્રાપાડા — **(B)**

5. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે દ્વિપક્ષીય નૌકાદળ કવાયત 'ઝાયદ તલવાર' યોજાઈ હતી ?
(A) UAE (B) ઓમાન (C) ઈન્ડોનેશિયા (D) માલદીવ — **(A)**

અન્ય મહત્વનું

# ONE LINER

CURRENT AFFAIRS

## ગુજરાત

➤ **સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમના સોશિયલ મીડિયા પેજ Facebook, Twitter, Instagram અને Kooનો શુભારંભ**




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા જુલાઈ મહિનાના રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં તેમણે નાગરિકો તાલુકા સ્વાગતમાં ઓનલાઈન રજૂઆતો કરી શકે તે માટેના પોર્ટલનું લોન્ચિંગ કર્યુ હતું. તત્કાલીન મુખ્યમંત્રી શ્રી અને દેશના વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યના છેવાડાના માનવીના પ્રશ્નોના સુખદ નિરાકરણ સુધી પહોંચવાના ઉદ્દેશને ચરિતાર્થ કરવા ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ 'સ્વાગત'ની વર્ષ 2003થી શરૂઆત કરાવેલી છે. વડાપ્રધાન શ્રીના નેતૃત્વમાં સુશાસનની બે દાયકાની આ સફળ પહેલને વધુ સુદૃઢ બનાવવા માટે તેમજ નાગરિકોના અવાજને બુલંદ બનાવવાની દિશામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે લોન્ચ થયેલુ પોર્ટલ વધુ એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે. ટેક્નોલોજી યુગમાં લોકોના પ્રશ્નોના ઓનલાઈન સુખદ નિરાકરણની વાત જન–જન અને ઘર–ઘર સુધી પહોંચાડવા માટે આ સ્વાગત ઓનલાઈનના Facebook, Twitter, Instagram અને Kooના સોશિયલ મીડિયા પેજ શરૂ કરવામાં આવ્યા છે તેનો પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રારંભ કરાવ્યો હતો. રાજ્યના નાગરિકો તાલુકા સ્વાગતમાં ઓનલાઈન ફરિયાદ પ્રશ્નની સ્વાગત પોર્ટલ પર ઈ–મેઈલ આઈડી અને મોબાઈલ નંબર સાથે 2000 શબ્દોની મર્યાદામાં રજૂઆત કરી શકશે. આ માટે દર મહિનાના ચોથા બુધવારે યોજાતા તાલુકા સ્વાગત કાર્યક્રમમાં 1 થી 10 તારીખ સુધીમાં ઓનલાઈન એન્ટ્રી કરાવવાની રહેશે. ઓનલાઈન એન્ટ્રી બાદ જનરેટ થયેલ નંબરના ઉપયોગ દ્વારા અરજદાર પોતાની અરજીનું સ્ટેટસ પણ જાણી શકશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **કેરળએ અતિથિ પોર્ટલ લોન્ચ કર્યુ**

કેરળ સરકાર નોંધણી પ્રક્રિયાને ઝડપી બનવાવા માટે સક્રિય પગલાં લઈ રહી છે અને રાજ્યમાં સ્થળાંતર કામદારો દ્વારા બાળકો સામે કરવામાં આવતા કથિત જાતીય અપરાધોના તાજેતરના જવાબમાં સરકારે 'અતિથિ પોર્ટલ' શરૂ કર્યુ છે. આ વપરાશકર્તા – મૈત્રીપૂર્ણ વેબ પોર્ટલનો ઉદ્દેશ 'ગેસ્ટ વર્કસ'ની નોંધણીને સુવ્યવસ્થિત કરવાનો અને તેમની સામાજિક સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. કોઈપણ મહેમાન કાર્યકર પોર્ટલની બહાર ન રહે તે સુનિશ્ચિત કરવાના પ્રયાસરૂપે કેરળ સરકાર રેલવે સ્ટેશનો પર હેલ્પડેસ્ક સ્થાપવાનું આયોજન કરી રહી છે. જ્યાં અતિથિ કાર્યકરો મોટા ભાગે મોટી સંખ્યામાં પહોંચે છે. આ હેલ્પ ડેસ્ક કામદારોને મૂલ્યવાન સહાય પૂરી પાડશે, તેમને નોંધણી પ્રક્રિયામાં માર્ગદર્શન આપશે અને સિસ્ટમમાં તેમનો સમાવેશ સુનિશ્ચિત કરશે.

➤ **ભારતના સંરક્ષણ મંત્રાલયે અદ્યતન સાયબર સુરક્ષા માટે 'માયા OS' અપનાવ્યું**




ભારતના સંરક્ષણ મંત્રાલયે ઈન્ટરનેટ–કનેક્ટેડ કમ્પ્યૂટર્સ માટે માઈક્રોસોફ્ટ ઓપરેટિંગ સિસ્ટમ(OS)ને ઓપન–સોર્સ ઉબુન્ટુ (Ubuntu) પર આધારિત નવી સ્થાનિક રીતે વિકસિત માયા OS સાથે બદલવાનો નિર્ણય કર્યો છે. માયાના ફેરફારોનો ઉદ્દેશ્ય વપરાશકર્તાને ખલેલ પહોંચાડયા વિના સુરક્ષાને મજબૂત કરવાનો છે, કારણ કે તે Windows જેવું ઈન્ટરફેસ અને કાર્યક્ષમતા પ્રદાન કરે છે. સાયબર હુમલાની વધતી ઘટનાઓને કારણે આ પગલું ભરવામાં આવ્યું છે.

➤ **હરિયાણા હથનીકુંડમાં ડેમ બનાવશે**

દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં યમુના નદીના વારંવાર પૂરના જોખમને ટાળવા માટે હરિયાણા સરકારે બંધ બાંધવાનો નિર્ણય કર્યો છે. હરિયાણા સરકારના ડેમ બનાવવાના નિર્ણય પાછળનો પ્રાથમિક ઉદ્દેશ્ય યમુના નદીના કારણે આવતા વિનાશક પૂરને રોકવાનો છે. આ પૂર દિલ્હી શહેર અને હરિયાણામાં નદીને અડીને આવેલા વિસ્તારો માટે મોટો ખતરો છે. હરિયાણા સરકાર આ ડેમ બનાવવા માટે જંગી રોકાણ કરવા તૈયાર છે. સૂચિત ડેમમાં એક જળાશય હશે જે 14 કિ.મી.ની પ્રભાવશાળી લંબાઈમાં ફેલાયેલ હશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ભારતના અવકાશ ક્ષેત્રને વેગ આપવા માટે તમિલનાડુમાં નવું સ્પેસપોર્ટ સ્થાપવામાં આવશે**

તમિલનાડુમાં કુલશેખરાપટ્ટિનમ ખાતે નવા સ્પેસપોર્ટની સ્થાપના સાથે ભારત તેની અવકાશ ક્ષમતાઓનો વિસ્તાર કરશે. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) દ્વારા વિકસિત નાના સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (SSLV)ને લોન્ચ કરવા માટે સ્પેસપોર્ટનો ઉપયોગ કરવામાં આવશે. જે ઓછા ખર્ચે નાના ઉપગ્રહોને અવકાશમાં પહોંચાડવા માટે બનાવવામાં આવ્યા છે. ભારતીય અવકાશ નીતિ 2023 મુજબ ટેકનિકલ અને સુરક્ષા જરૂરિયાતોને આધીન, બિન–સરકારી એન્ટિટીઝ (NGE) દ્વારા ઉપયોગ માટે સ્પેસપોર્ટ ખુલ્લુ રહેશે. NGEની અવકાશ પ્રવૃત્તિઓને સુવિધા આપવા અને અધિકૃત કરવા માટે સરકારે ઈન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઈઝેશન સેન્ટર (IN-SPACE)ની પણ સ્થાપના કરી છે.

➤ **NITIEને IIM મુંબઈ બનાવવામાં આવશે**

નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડસ્ટ્રિયલ એન્જિનિયરિંગ (NITIE)ને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (IIM) બનાવવામાં આવશે. આ નોંધપાત્ર પરિવર્તન માત્ર નામમાં નથી, પરંતુ તેની સાથે તેના શૈક્ષણિક અભિગમ અને તકોમાં પણ પરિવર્તન આવ્યું છે. ઐતિહાસિક રીતે NITIE જેવા એન્જિનિયરિંગ સ્નાતકોને જ સેવા આપી છે. આ વિશિષ્ટ અભિગમે સંસ્થાના તેના વિશિષ્ટ ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. જોકે 2024-25ના આગામી શૈક્ષણિક વર્ષ સાથે NITIE એક નવા યુગની શરૂઆત કરશે કારણ કે તે વિવિધ શૈક્ષણિક પૃષ્ઠભૂમિના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનું શરૂ કરશે.

➤ **કાર્બનલાઈટ મેટ્રો ટ્રાવેલ**

દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશન (DMRC)એ કાર્બનલાઈટ મેટ્રો ટ્રાવેલ નામની તેની નવીનત્તમ પહેલ શરૂ કરીને એક અગ્રણી પ્રવાસ શરૂ કર્યો છે. કાર્બનલાઈટ મેટ્રો યાત્રાનો પ્રાથમિક ઉદ્દેશ્ય શિક્ષણ છે. DMRCનો પર્યાવરણીય અસર વિશે શિક્ષિત કરવાનો છે. આ પહેલ 2070 સુધીમાં નેટ–શૂન્ય ઉત્સર્જન સુધી પહોંચવાના ભારતના મહત્વાકાંક્ષી લક્ષ્ય સાથે સંપૂર્ણ સંરેખિત છે. આ પહેલની એક વિશેષતા એ છે કે મેટ્રો દ્વારા મુસાફરી કરતા મુસાફરો દ્વારા મેળવેલી $CO_2$ની બચત તેમની ટિકિટ પર મુખ્ય રીતે બચાવવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ભારત, જાપાન અને શ્રીલંકા વચ્ચે ત્રિપક્ષીય સહયોગ**

કોલંબોમાં ઈસ્ટ કન્ટેનર ટર્મિનલ પ્રોજેક્ટ માટે સંયુક્ત ભારત–જાપાન MoU રદ થયા બાદ ભારત, જાપાન અને શ્રીલંકા ત્રિપક્ષીય સહકાર ફરી શરૂ કરવા વિચારી રહ્યા છે. જોકે ગયા વર્ષે આર્થિક કટોકટી દરમિયાન ભારત અને જાપાન શ્રીલંકાના બચાવમાં આવ્યા હતા. અને શ્રીલંકાના દેવાની પુનઃરચના પ્રક્રિયામાં મદદ કરી ત્યારથી ત્રણેય દેશો ત્રિપક્ષીય સહયોગ તરફ કામ કરી રહ્યા છે. ભારત અને જાપાન રિન્યુએબલ એનર્જી અને ગ્રીડ કનેક્ટિવિટી પ્રોજેક્ટસ, શ્રીલંકાના ત્રિકોમાલીને ઓઈલ પાઈપલાઈન હબ તરીકે વિકસાવવા, કનેક્ટિવિટી અને પર્યટન તથા શિક્ષણ જેવા લોક–કેન્દ્રિત પ્રોજેક્ટ્સ પર સાથે મળીને કામ કરી શકે છે.

## વિશ્વ

➤ **505 મિલિયન વર્ષ જૂનું જેલીફિશ અશ્મિ**



તાજેતરમાં સંશોધકોએ કેમ્બ્રિયન સમયગાળાના જેલીફિશ અવશેષોનો ખજાનો શોધી કાઢ્યો છે, જે તેમના લાંબા ઈતિહાસ અને અસ્તિત્વમાં અનન્ય સમજ આપે છે. બર્ગેસ શેલ કેનેડિયન રોકીઝમાં એક પ્રખ્યાત અશ્મિ–સમૃધ્ધ સ્થળ આ અવશેષોના સંરક્ષણ માટે સૌથી યોગ્ય વાતાવરણ પૂરું પાડે છે. તાજેતરમાં શોધાયેલ જેલીફિશના અવશેષોમાં અદભૂત લક્ષણો જોવા મળ્યા છે, જેમ કે તેમના શરીરમાંથી 90થી વધુ ટેન્ટકલ્સબહાર નીકળે છે. કેટલાક નમૂનાઓમાં ગોનાડ્સ અને પેટ પણ મળી આવ્યા છે, જે તેમની શરીર રચના અને વર્તન વિશે મહત્વપૂર્ણ વિગતો આપે છે. નવી શોધાયેલી પ્રજાતિને બર્ગેસોમેડુસા ફાસ્મીફોર્મિસ નામ આપવામાં આવ્યું છે.

➤ **Luna-25 : રશિયા**



લુના-25 રોસ્કોસ્મોસ દ્વારા આયોજિત ચંદ્ર લેન્ડર મિશન છે. 47 વર્ષના અંતરાલ પછી રશિયા તેના લુના-25 અવકાશયાનના પ્રક્ષેપણ સાથે ચંદ્ર સંશોધનમાં નોંધપાત્ર છલાંગ લગાવવા માટે તૈયાર છે. આ મિશન ભારતના ચંદ્રયાન 3ને અનુસરે છે, જે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પ્રદેશની શોધ સંબંધિત છે. વોસ્તોની કોસ્મોડ્રોમથી લુના-25ને લોન્ચ કરવામાં આવશે. તે ચંદ્રના દક્ષિણ ધ્રુવની નજીક બેગુસ્લાવસ્કી ક્રેટર પર ઉતરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સ**

તાજેતરમાં ચીનના ચેંગડુ અથવા ચેંગદુમાં 31મી વિશ્વ યુનિવર્સિટી ગેમ્સ યોજાઈ હતી. જેમાં ભારતે વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સમાં સૌથી વધુ મેડલ ટેલીમાં 4 રમતોમાં કુલ 26 મેડલ જીત્યા હતા. આ મેડલ ખેલો ઈન્ડિયા સ્કીમ અને ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ (TOPS)ના ખેલાડીઓ દ્વારા જીતવામાં આવ્યા છે. આ રમત વર્ષ 2021માં યોજાવાની હતી પરંતુ કોવિડ-19 મહામારીના કારણે વર્ષના સમયપત્રકમાં બે વાર ફેરફાર કરવો પડયો હતો. વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સ જેને 'યુનિવર્સિઅડ' તરીકે પણ ઓળખવામાં આવે છે. તે એક આંતરરાષ્ટ્રીય મલ્ટિ–સ્પોર્ટ ઈવેન્ટ છે જે ફક્ત યુનિવર્સિટીના રમતવીરો માટે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. 'રાષ્ટ્રીય કીટ સપ્તાહ' કયા મહિનામાં ઉજવવામાં આવે છે ? – જુલાઈ

2. કયા કેન્દ્રીય મંત્રાલયે 'ULLAS (Understanding Lifelong for All in Society) પહેલ' શરૂ કરી છે ?

– શિક્ષણ મંત્રાલય

3. તાજેતરમાં.........માં આસામ રાજ્ય પ્રાણી સંગ્રહાલયે ભારતમાં પ્રથમ વખત કેદમાં રહેલા દુર્ગ્રાહ્ય હિમાલયન ગીધ (જીપ્સ હિમાલયન્સિસ)નું સફળતાપૂર્વક સંવર્ધન કરીને અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ કરી છે. – ગુવાહાટીમાં (આસામ)

4. ગૃહ મંત્રાલયના તાજેતરના ડેટા મુજબ 2019 અને 2021ની વચ્ચે કયા રાજ્યમાં સૌથી વધુ છોકરીઓ ગુમ થઈ છે ?

– મધ્યપ્રદેશ

5. 'Memories Never Die' નામનું પુસ્તક કોને શ્રદ્ધાંજલિ તરીકે રજૂ કરવામાં આવ્યું હતું ? – અબ્દુલ કલામ

6. કયા બેડમિન્ટન ખેલાડીએ જાપાન ઓપન 2023 સિંગલ્સ મેન્સનું ટાઈટલ જીત્યું છે ? – વિક્ટર એક્સેલસન

7. BARI ચિન્નાબાદમ-12, જે તાજેતરમાં લોન્ચ કરવામાં આવ્યું હતું. તે કયા પાકની નવી જાત છે ? – મગફળી

8. તાજેતરમાં કઈ સંસ્થાએ વાર્ષિકી વ્યવસાય માટે મધ્યસ્થી પર પ્રતિબંધ મૂકયો હતો ? – PFRDA

9. ફોક્સનની પેટાકંપનીએ ઈલેક્ટ્રોનિક કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી સ્થાપવા માટે કયા રાજ્ય સાથે રૂ. 1600 કરોડના સોદા પર હસ્તાક્ષર કર્યા છે ? – તમિલનાડુ

10. તાજેતરમાં સમાચારમાં રહેલ બેનીસાગર કયા રાજ્યમાં આવેલું છે ? – ઝારખંડ

(ભારતીય પૂરાતત્વ સર્વેક્ષણ (ASI)એ ઝારખંડના પશ્ચિમ સિંહભૂમ જિલ્લાના એક ગામ – બેનીસાગરમાં ખોદકામ વિશે માહિતી આપી છે. ખોદકામથી સેંકડો કલાકૃતિઓ મળી છે જે પૂર્વે 5મી સદીથી સતત માનવ વસવાટ દર્શાવે છે.)

11. તાજેતરમાં સમાચારમાં રહેલ અમહરા ક્ષેત્ર કયા દેશમાં સ્થિત છે ? – ઈથોપિયા

12. નોર્સમેન એક્સ્ટ્રીમ ટ્રાયથલોનની 2023ની આવૃત્તિ 5 ઓગસ્ટના રોજ..............માં સમાપ્ત થઈ છે. જેમાં 35 દેશોના 290 એથ્લેટ્સે ભાગ લીધો હતો. – નોર્વે

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

13. 'ફાલ્કન શિલ્ડ 2023' એક લશ્કરી કવાયત છે જેમાં કયા દેશોએ ભાગ લીધો હતો ?

– ચીન અને સંયુક્ત આરબ અમીરાત

14. DCS શું છે, જે કેન્દ્રીય કૃષિ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવ્યું છે ? – ડિજિટલ પાક સર્વે

15. તાજેતરમાં કયા રાજ્યએ 'વોટર ટુરીઝમ એન્ડ એડવેન્ચર સ્પોર્ટ્સ પોલિસી, 2023'ને મંજૂરી આપી છે ?

– ઉત્તર પ્રદેશ

16. તાજેતરમાં સમાચારોમાં 'MPOWER Measures' કઈ સંસ્થા સાથે જોવા મળે છે ? – વિશ્વ આરોગ્ય સંસ્થા

17. કઈ રાજ્ય સરકાર 'ગુરુ ગોરખનાથ બોર્ડ'ની સ્થાપના કરશે ? – રાજસ્થાન

('ગુરુ ગોરખનાથ બોર્ડ'નો મુખ્ય ઉદ્દેશ્ય રાજસ્થાનમાં જોગી, યોગી અને નાથ સમુદાયો દ્વારા સામનો કરવામાં આવતી વિશિષ્ટ સમસ્યાઓને ઓળખવા માટે એક વ્યાપક સર્વેક્ષણ કરવાનો છે.)

18. 'ઉન્મેષ' અને 'ઉત્કર્ષ' ઉત્સવનું ઉદ્દઘાટન કયા રાજ્યમાં થશે ? – મધ્યપ્રદેશ

19. કયા કેન્દ્રીય મંત્રાલયે તાજેતરમાં 'આયુષ વિઝા' નામની નવી વિઝા શ્રેણી શરૂ કરી છે ? – ગૃહ મંત્રાલય

20. સ્ટારલેબ સ્ટેશન વોયેજર સ્પેસ અને કઈ સંસ્થાનું સંયુક્ત સાહસ છે ? – એરબસ

21. કઈ સંસ્થા 'Rice Price Index' જારી કરે છે ? – FAO

22. કઈ સંસ્થાએ 'વોટર ન્યુટ્રાલિટી' માટે પ્રમાણભૂત વ્યાખ્યા સ્થાપિત કરી છે ? – નીતિ આયોગ

23. તાજેતરમાં કયા દેશે કોમ્યુનિકેશન ઈન્ટરઓપરેબિલિટી એન્ડ સિક્યુરિટી મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ (CIS-MOA) પર હસ્તાક્ષર કર્યા છે ? – પાકિસ્તાન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# 50% BIG DISCOUNT

ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here

આ ઓફર માત્ર 10 ઓગસ્ટ, 2023 સુધી જ ( કુરિયર ચાર્જ અલગથી )

# 50% BIG DISCOUNT

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here

**આ ઓફર માત્ર 10 ઓગસ્ટ, 2023 સુધી જ ( કુરિયર ચાર્જ અલગથી )**

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 50%
# BIG DISCOUNT

**GPSC 1 & 2, Dy.SO, STI, TDO, PSI-કોન્સ્ટેબલ, વનરક્ષક, VMC, CCE,એકાઉન્ટન્ટ, સબ એકાઉન્ટન્ટ, સબ ઓડિટર, S.T.-કંડક્ટર, ડ્રાઈવર, મિકેનિક, કલાર્ક તથા તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી**




**જનરલ નોલેજના તમામ વિષયોની તૈયારી માત્ર એક પુસ્તકમાં**

~~₹650/-~~

માત્ર
**₹325/-**

Click Here

**30+ વિષયો**

આ ઓફર માત્ર 10 ઓગસ્ટ, 2023 સુધી જ ( કુરિયર ચાર્જ અલગથી )

GPSC Class 1/2, S.T.I., PI, Dy.S.O., નાયબ મામલતદાર, ચીફ ઓફિસર, PSI-ASI-કોન્સ્ટેબલ-જેલ સિપાહી, બિનસચિવાલય ક્લાર્ક, વનરક્ષક, FHW-MPHW, તલાટી, જુ.ક્લાર્ક, TET-TAT તથા ગુજરાત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી એપ્લિકેશન

# સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મેળવવા માટે અત્યારે જ

Google Play પરથી iceonline DOWNLOAD કરો

OR

QR કોડ સ્કેન કરો

FREE

- E-Books
- Daily Weekly & Final Mock Test
- LECTURE PDF
- READING SCHEDULE

HIGH SCORING STRATEGY




LIVE + RECORDED BATCH

- સ્પર્ધાત્મક પરીક્ષામાં આપની સફળતા સુનિશ્ચિત કરવા માટે તમામ વિષયોનો 360° અભ્યાસ
- સ્પર્ધાત્મક પરીક્ષાનો વિશેષ અનુભવ ધરાવતી વિષય નિષ્ણાત ફેકલ્ટીઓની ટીમ દ્વારા દરેક વિષયોનો ટુ ધી પોઈન્ટ અભ્યાસ
- નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ સંપૂર્ણ અભ્યાસક્રમને આવરી લેતા અદ્યતન માહિતી સાથેના લેટેસ્ટ વીડિયો લેક્ચર
- સ્પર્ધાત્મક પરીક્ષાના દરેક વિષયોનો સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ
- તમામ વિષયોનો ટોપિક વાઈઝ ઊંડાણપૂર્વક અભ્યાસ કરાવતા વીડિયો લેક્ચર

## સ્પર્ધાત્મક પરીક્ષાની સર્વશ્રેષ્ઠ તૈયારી માટે અમારી સાથે જોડાયેલા રહો

YOUTUBE ICE RAJKOT

TELEGRAM t.me/icerajkotofficial

WHATSAPP GROUP www.joinicerajkot.com

FACEBOOK ICE RAJKOT

INSTAGRAM ICE RAJKOT

TWITTER ICE RAJKOT

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT